સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


## ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.



સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[JULY-2019]

[14/07 to 20/07]

# WEEK-29

### CURRENT TOPIC

- ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં ઈંગ્લેન્ડનો ઐતિહાસિક વિજય
- ગુજરાતના 20મા રાજ્યપાલ તરીકે શ્રી આચાર્ય દેવવ્રતના શપથ
- શ્રી કુલભૂષણ જાધવની ફાંસી ઉપર આંતરરાષ્ટ્રીય કોર્ટનો પ્રતિબંધ
- 'ગોલ્ડન ગર્લ' હિમા દાસે 20 દિવસમાં 5 ગોલ્ડ મેડલ જીત્યા
- NIA (Amendment) Bill, 2019 લોકસભા અને રાજ્યસભામાં પસાર
- ભારતના 10 રાજ્યોમાં નવા રાજ્યપાલ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.

CALL : 9375701110 / 9328001110

## 14 JULY, 2019 SUNDAY

### ➤ 50th International Film Festival of India (IFFI) 2019

20 થી 28 નવેમ્બર 2019 દરમિયાન ભારતમાં 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા, 2019' ગોવા ખાતે યોજાશે.

- આ ફિલ્મ ફેસ્ટિવલની મુખ્ય વિશેષતા એ છે કે આ ભારતનો 50મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ હશે.
- ગોવા ખાતે યોજાનાર આ ફિલ્મ ફેસ્ટિવલમાં તેની ગોલ્ડન જ્યુબિલી (સુવર્ણજયંતી)ની ઉજવણી કરવામાં આવશે.
- ભારતમાં પ્રથમ 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'નું આયોજન 24 જાન્યુઆરી, 1952ના રોજ મુંબઈ ખાતે થયું હતું.
- ત્યારબાદ બીજો ફિલ્મ ફેસ્ટિવલ 1961માં નવી દિલ્હી ખાતે યોજાયો હતો.
- એકાદ અપવાદને બાદ કરતા ભારતમાં વર્ષ 1993થી આ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે યોજાય છે.

**નોંધ :** (1) IFFI એ ભારતનો સૌથી વધુ પ્રતિષ્ઠિત ફિલ્મ મહોત્સવ છે.

(2) IFFI એ એશિયાનો પ્રથમ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ છે.

(3) વર્ષ 2004થી આ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે ગોવા ખાતે યોજાય છે.

(4) ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય, ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ અને ગોવા સરકાર દ્વારા આ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Jubilee (જયંતી - મહોત્સવ)**

| ક્રમ | Anniversary (વર્ષગાંઠ) | Jubilee (જયંતી, મહોત્સવ) |
|---|---|---|
| 1 | 25th | Silver Jubilee (રજત જયંતી) |
| 2 | 40th | Ruby Jubilee (રૂબી અથવા તો માણેક જયંતી) |
| 3 | 50th | Golden Jubilee (સુવર્ણ જયંતી) |
| 4 | 60th | Diamond Jubilee (હીરક જયંતી) |
| 5 | 65th | Sapphire Jubilee (સેફાયર અથવા તો નીલમ જયંતી) |
| 6 | 70th | Platinum Jubilee (પ્લેટિનમ જયંતી) |


**નોંધ :** 100 વર્ષે ઉજવાતો મહોત્સવ 'શતાબ્દી મહોત્સવ' તરીકે ઓળખાય છે.

## ➤ બે દેશો વચ્ચે માલની હેરફેર માટે પ્રથમ વખત ભારતીય જળમાર્ગનો ઉપયોગ

તાજેતરમાં ભારતના પાડોશી દેશ <u>ભૂટાનથી બાંગ્લાદેશ</u> <u>પથ્થરો</u> મોકલવા માટે <u>ભારતના અંતર્દેશીય જળમાર્ગ (Inland Waterway)</u>નો ઉપયોગ થયો હતો.

- કોઈ બે દેશો વચ્ચે માલની હેરફેર માટે ભારતના **Inland Waterway**નો ઉપયોગ થયો હોય એવો આ <u>પ્રથમ</u> બનાવ હતો.
- ભૂટાનથી બાંગ્લાદેશ પથ્થર મોકલવા માટે <u>બ્રહ્મપુત્રા નદીના</u> <u>ભારત-બાંગ્લાદેશ પ્રોટોકોલ જળમાર્ગ (INDO - BANGLA Protocol Route)</u>નો ઉપયોગ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





- આ માટે 'ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (IWAI)ના <u>MV AAI</u> નામના <u>જહાજ</u>ને <u>આસામ</u>ના <u>ધૂબરી</u> ખાતેથી <u>બાંગ્લાદેશ</u>ના <u>નારાયણગંજ</u> સુધી જવા માટે રવાના કરવામાં આવ્યું હતું.
- કેન્દ્રીય શિપિંગ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સંભાળતા મંત્રી <u>શ્રી મનસુખ માંડવિયા</u>એ ડિજિટલી લીલી ઝંડી બતાવીને આ જહાજનો પ્રારંભ કરાવ્યો હતો.

## ICE ? Questions

1. 20થી 28 નવેમ્બર 2019 દરમિયાન ભારતમાં 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા, 2019'નું આયોજન કયાં કરવામાં આવ્યું છે ?
   (A) મુંબઈ (B) નવી દિલ્હી (C) બેંગાલુરુ (D) ગોવા **(D)**

2. નવેમ્બર 2019 દરમિયાન ગોવા ખાતે કેટલામો 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' યોજાશે ?
   (A) 48મો (B) 50મો (C) 60મો (D) 75મો **(B)**

3. ભારતમાં પ્રથમ 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' ક્યારે યોજાયો હતો ?
   (A) 1950 (B) 1952 (C) 1954 (D) 1956 **(B)**

4. ભારતમાં હાલમાં 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'નું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે ?
   (A) ભારત સરકારનું માહિતી અને પ્રસારણ મંત્રાલય (B) ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ
   (C) ગોવા સરકાર (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. તાજેતરમાં કયા બે દેશો દ્વારા માલની હેરફેર માટે સૌપ્રથમ વખત ભારતના અંતર્દેશીય જળમાર્ગ (Inland Waterway)નો ઉપયોગ કરવામાં આવ્યો છે ?
   (A) નેપાળ અને બાંગ્લાદેશ (B) નેપાળ અને ભૂટાન
   (C) મ્યાનમાર અને બાંગ્લાદેશ (D) ભૂટાન અને બાંગ્લાદેશ **(D)**

6. તાજેતરમાં ભૂટાનમાંથી બાંગ્લાદેશમાં જળમાર્ગે પથ્થર મોકલવા માટે સૌપ્રથમ વખત બ્રહ્મપુત્રા નદીના કયા રૂટનો ઉપયોગ થયો હતો ?
   (A) INDO - BHUTAN Protocol Route (B) INDO - NEPAL Protocol Route
   (C) INDO - BANGLA Protocol Route (D) INDO - MYANMAR Protocol Route **(C)**

7. ભારતના અંતર્દેશીય જળમાર્ગનો ઉપયોગ કરીને ભૂટાનના પથ્થર બાંગ્લાદેશ મોકલવા માટેના જહાજને ભારતમાં કયાંથી રવાના કરવામાં આવ્યું હતું ?
   (A) કોલકાતા (B) દિબ્રુગઢ, આસામ (C) ધેમાજી, આસામ (D) ધૂબરી, આસામ **(D)**

8. ભારતના અંતર્દેશીય જળમાર્ગનો ઉપયોગ કરીને ભૂટાનના પથ્થર બાંગ્લાદેશ મોકલવા માટે 'ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા'ના MV AAI નામના જહાજનો કોણે ડિજિટલી લીલી ઝંડી બતાવીને આસામના ધૂબરી ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો ?
   (A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
   (C) શ્રી રાજનાથ સિંહ (D) શ્રી મનસુખ માંડવિયા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15 JULY, 2019 MONDAY**

## ➤ ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં ઈંગ્લેન્ડનો ઐતિહાસિક વિજય

તાજેતરમાં 30 મેથી 14 જુલાઈ 2019 દરમિયાન ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ક્રિકેટ વર્લ્ડ કપ 2019નું આયોજન થયું હતું.

- વર્ષ 2019માં રમાયેલો આ ક્રિકેટ વર્લ્ડ કપ 12મો ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ ક્રિકેટ વર્લ્ડ કપમાં કુલ 10 ટીમોએ ભાગ લીધો હતો.
- જેમાં આ વર્લ્ડ કપમાં ન્યુઝીલેન્ડને પરાજય આપીને ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપ પ્રથમ વખત જીતી લીધો છે.

### Boundary Countના આધારે ઈંગ્લેન્ડનો ફાઈનલમાં વિજય

આ વર્લ્ડ કપની ફાઈનલ મેચ ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલા પ્રસિદ્ધ લોર્ડ્સ મેદાનમાં યોજાઈ હતી.

- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ બંને ટીમોને 50 ઓવરમાં 241 રન થતાં ટાઈ પડી હતી.
- આથી, સુપર ઓવર નાખવામાં આવી હતી. આ સુપર ઓવરમાં પણ બંને ટીમોને 15-15 રન થતાં ફરીથી ટાઈ પડી હતી.
- પરિણામે, નિયમ પ્રમાણે સુપર ઓવર અને ઈનિંગ એમ બંને થઈને સૌથી વધુ બાઉન્ડ્રી ફટકારનારી ટીમ ઈંગ્લેન્ડને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





- આ ટુર્નામેન્ટમાં ઈંગ્લેન્ડે સુપર ઓવરમાં 2 અને 50 ઓવરની ઈનિંગમાં 24 મળીને કુલ 26 બાઉન્ડ્રી ફટકારી હતી. જ્યારે ન્યુઝીલેન્ડની ટીમે સુપર ઓવરમાં 1 અને 50 ઓવરની ઈનિંગમાં 16 બાઉન્ડ્રી મળીને કુલ 17 બાઉન્ડ્રી ફટકારી હતી.
- આથી, ઇંગ્લેન્ડ ચેમ્પિયન જાહેર થયું હતું.
- બાઉન્ડ્રીના આધારે કોઈ ટીમને વિજેતા જાહેર કરવામાં આવી હોય એવી માત્ર વર્લ્ડ કપ જ નહિ પરંતુ ક્રિકેટના ઈતિહાસની આ પ્રથમ ઘટના હતી.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં 84 રન ફટકારનાર ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર શ્રી બેન સ્ટોક્સને 'મેન ઓફ દ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા.

## સેમીફાઇનલ મેચ



આ વર્લ્ડ કપની પ્રથમ સેમીફાઇનલ મેચ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ઇંગ્લેન્ડના માન્ચેસ્ટર ખાતે આવેલા ઓલ્ડ ટ્રેફોર્ડ ગ્રાઉન્ડમાં યોજાઈ હતી.

- જેમાં ન્યુઝીલેન્ડ સામે ભારતનો 18 રને પરાજય થયો હતો.
- આ સેમીફાઈનલ મેચમાં ન્યુઝીલેન્ડના બોલર શ્રી મેટ હેનરી 'મેન ઓફ દ મેચ' જાહેર થયા હતા.
- જ્યારે વર્લ્ડ કપની બીજી સેમીફાઇનલ મેચ ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચે યોજાઈ હતી.
- જેમાં ઈંગ્લેન્ડનો 8 વિકેટે વિજય થયો હતો.

**પોઈન્ટ ટેબલને આધારે સેમીફાઇનલમાં પહોંચનાર પ્રથમ ચાર ટીમ**

| ક્રમ | ટીમ | પોઈન્ટ |
|---|---|---|
| 1. | ભારત | 15 |
| 2. | ઓસ્ટ્રેલિયા | 14 |
| 3. | ઈંગ્લેન્ડ | 12 |
| 4. | ન્યુઝીલેન્ડ | 11 |



## વર્લ્ડ કપમાં એવોર્ડ



આ વર્લ્ડ કપમાં ન્યુઝીલેન્ડની ટીમના કેપ્ટન શ્રી કેન વિલિયમ્સનને 'પ્લેયર ઓફ દ સીરીઝ' જાહેર કરવામાં આવ્યા હતા.

- આ વર્લ્ડ કપમાં ભારતના પ્રસિદ્ધ બેટ્સમેન શ્રી રોહિત શર્માએ સૌથી વધુ 648 રન ફટકાર્યા હતા.
- જ્યારે આ વર્લ્ડ કપમાં સૌથી વધુ 27 વિકેટ ઝડપવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના બોલર શ્રી મિચેલ સ્ટાર્કના નામે છે.

## ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં ઈનામની રકમ

| ક્રમ | વિશેષતા | ઈનામની રકમ |
|---|---|---|
| 1 | વર્લ્ડ કપ વિજેતા ટીમ | 40 લાખ ડોલર |
| 2 | ઉપ વિજેતા ટીમ | 20 લાખ ડોલર |
| 3 | સેમી ફાઈનલમાં પરાજિત ટીમ | 8-8 લાખ ડોલર |
| 4 | દરેક લીગ મેચમાં વિજેતા ટીમ | 40,000 ડોલર |
| 5 | લીગ સ્ટેજથી આગળ જનાર ટીમ | 1-1 લાખ ડોલર |
| | કુલ | 1 કરોડ ડોલર |



## ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની વિશેષતા




- વર્ષ 2019માં 12મા ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન થયું હતું.
- ઈંગ્લેન્ડ અથવા ઈંગ્લેન્ડ અને વેલ્સ ખાતે યોજાયેલો આ પાંચમો ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે અને આયરલેન્ડની ટીમ ક્રમશઃ 1983 અને 2003 બાદ પહેલી વખત ક્વોલિફાઈ થઈ શકી ન હતી.
- આ વર્લ્ડ કપમાં Round-robin અને Knockout પદ્ધતિથી ટુર્નામેન્ટ યોજાઈ હતી.
- આ વર્લ્ડ કપની પ્રથમ મેચ ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે યોજાઈ હતી. જેમાં ઈંગ્લેન્ડની જીત થઈ હતી.
- આ વર્લ્ડ કપની ચેમ્પિયન ટીમ ઈંગ્લેન્ડના કેપ્ટનનું નામ શ્રી ઈયોન મોર્ગન છે.
- આ વર્લ્ડ કપમાં ભારતે પોતાની પ્રથમ મેચ દક્ષિણ આફ્રિકા સામે રમી હતી. જેમાં ભારતની જીત થઈ હતી.



- આ વર્લ્ડ કપમાં ભારત પાકિસ્તાન વચ્ચે ઈંગ્લેન્ડના માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ મેચ યોજાઈ હતી. જેમાં ડકવર્થ લુઈસ સ્ટર્ન મેથડ (DLS Method)થી ભારતનો 89 રને વિજય થયો હતો. આ મેચમાં ભારતના શ્રી રોહિત શર્મા 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.
- વર્લ્ડ કપની મેચમાં ભારતની ટીમે પાકિસ્તાનને 6 વખત પરાજય આપ્યો છે. જ્યારે પાકિસ્તાનની ટીમ ભારતને વર્લ્ડ કપમાં એક પણ વખત હરાવી શકી નથી.



- આ વર્લ્ડ કપમાં ભારતના બોલર શ્રી વિજય શંકરે વર્લ્ડ કપની પોતાની પ્રથમ મેચના પહેલા બોલે જ પાકિસ્તાની બેટ્સમેનની વિકેટ ઝડપી હતી.
- આ વર્લ્ડ કપમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શ્રી વિરાટ કોહલી વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 11,000 રન અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 20,000 રન બનાવનાર ખેલાડી બની ગયા હતા.

## ક્રિકેટ વર્લ્ડ કપ

ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ 1975થી થયો છે. આ અંતર્ગત પ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપ જૂન 1975માં ઈંગ્લેન્ડમાં યોજાયો હતો.

- જેમાં ઓસ્ટ્રેલિયાને પરાજય આપીને વેસ્ટ ઇન્ડિઝે આ પ્રથમ વર્લ્ડ કપ જીતી લીધો હતો.
- 1999થી આ વર્લ્ડ કપ દર ચાર વર્ષે યોજાય છે.
- આ વર્લ્ડ કપનું સૌથી વધુ પાંચ વખત આયોજન ઇંગ્લેન્ડ અથવા તો ઇંગ્લેન્ડ અને વેલ્સમાં થયું છે.
- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ પાંચ વખત વિજેતા ટીમ ઓસ્ટ્રેલિયા છે.
- ઓસ્ટ્રેલિયા બાદ બીજા ક્રમે ભારત અને વેસ્ટ ઈન્ડિઝે આ વર્લ્ડ કપ 2-2 વખત જીત્યો છે.
- જ્યારે પાકિસ્તાન, શ્રીલંકા અને ઇંગ્લેન્ડે આ વર્લ્ડ કપ 1-1 વખત જીત્યો છે.



| સૌથી વધુ વર્લ્ડ કપ વિજેતા ટીમ | | |
|---|---|---|
| ક્રમ | ટીમ | કેટલી વખત વિજેતા ? |
| 1. | ઓસ્ટ્રેલિયા | 5 |
| 2. | ભારત, વેસ્ટ ઈન્ડિઝ | 2 |
| 3. | પાકિસ્તાન, શ્રીલંકા, ઈંગ્લેન્ડ | 1 |

**નોંધ :** ભારતે સૌપ્રથમ વખત 1983માં રમાયેલો ત્રીજો વર્લ્ડ કપ અને ત્યારબાદ 2011માં રમાયેલો 10મો ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો હતો.

### ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન અને વિજેતા

| ક્રમ | વર્ષ | યજમાન દેશ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|---|
| 1 | 1975 | ઈંગ્લેન્ડ | વેસ્ટ ઈન્ડિઝ | ઓસ્ટ્રેલિયા |
| 3 | 1983 | ઈંગ્લેન્ડ | ભારત | વેસ્ટ ઈન્ડિઝ |
| 10 | 2011 | ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ | ભારત | શ્રીલંકા |
| 11 | 2015 | ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ |
| 12 | 2019 | ઈંગ્લેન્ડ, વેલ્સ | ઈંગ્લેન્ડ | ન્યુઝીલેન્ડ |
| 13 | 2023 | ભારત | – | – |

**નોંધ :** (1) હવે પછી વર્ષ 2023માં 13મો ક્રિકેટ વર્લ્ડ કપ ભારતમાં યોજાશે.

(2) વર્ષ 2023માં યોજાનાર આ વર્લ્ડ કપ ફક્ત ભારતમાં જ યોજાનાર પ્રથમ વર્લ્ડ કપ હશે.

(3) આ અગાઉ 1987માં ભારત અને પાકિસ્તાનમાં 1996માં ભારત, પાકિસ્તાન અને શ્રીલંકામાં તથા 2011માં ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશમાં આ વર્લ્ડ કપનું આયોજન થયું હતું.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન International Cricket Council (ICC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket for good' છે.
- ICCના ફુલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.
- આ 12 સભ્યોમાંથી 18 જુલાઈ 2019ના રોજ ICCના બંધારણનું પાલન ન કરવાના આરોપસર ઝિમ્બાબ્વેને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.
- ICCના વર્તમાન (15 જુલાઈ, 2019ની સ્થિતિએ) ચેરમેન શ્રી શશાંક મનોહર છે.

**નોંધ :** (1) ક્રિકેટની રમત સૌપ્રથમ વખત સોળમી સદીમાં સાઉથ-ઈસ્ટ ઈંગ્લેન્ડમાં રમાઈ હતી એવું કહેવાય છે.

(2) ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ 2,278 રન બનાવવાનો રેકોર્ડ શ્રી સચિન તેંડુલકરના નામે છે.

(3) જ્યારે ક્રિકેટ વર્લ્ડ કપમાં સૌથી વધુ 71 વિકેટ ઝડપવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના શ્રી ગ્લેન મેકગ્રાથના નામે છે.

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
2012-18 1237+ સફળ ઉમેદવાર
ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ
ધોરણ- 12માં
આપની ટકાવારી મુજબ
Special Discount
50% Discount 85% થી વધુને
20% Discount 70% થી વધુને
10% Discount 40% થી વધુને
સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ICE Questions

1. ક્રિકેટ વર્લ્ડ કપ 2019નું આયોજન કયાં થયું હતું ?
(A) ઈંગ્લેન્ડ (B) ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ
(C) ઈંગ્લેન્ડ અને વેલ્સ (D) ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ
**(C)**

2. તાજેતરમાં મે–જુલાઈ 2019 દરમિયાન ઈંગ્લેન્ડ અને વેલ્સ ખાતે કેટલામા ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન થયું હતું ?
(A) 10મા (B) 11મા (C) 12મા (D) 13મા
**(C)**

3. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?
(A) ઈંગ્લેન્ડને પરાજય આપીને ન્યુઝીલેન્ડે આ વર્લ્ડ કપ બીજી વખત જીતી લીધો છે.
(B) ન્યુઝીલેન્ડને પરાજય આપીને ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપ બીજી વખત જીતી લીધો છે.
(C) ઈંગ્લેન્ડને પરાજય આપીને ન્યુઝીલેન્ડે આ વર્લ્ડ કપ પ્રથમ વખત જીતી લીધો છે.
(D) ન્યુઝીલેન્ડને પરાજય આપીને ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપ પ્રથમ વખત જીતી લીધો છે.
**(D)**

4. ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં કુલ કેટલી ટીમોએ ભાગ લીધો હતો ?
(A) 8 (B) 10 (C) 12 (D) 14
**(B)**

5. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની ફાઈનલ મેચ કયા સ્ટેડિયમ પર રમાઈ હતી ?
(A) લોર્ડ્સ, લંડન (B) ઓવલ, લંડન
(C) ઓલ્ડ ટ્રેફોર્ડ, માન્ચેસ્ટર (D) ત્રણમાંથી કોઈ નહિ
**(A)**

6. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને કયા ક્રિકેટ નિયમને આધારે વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું ?
(A) Super Over (B) Boundary Count (C) Six Count (D) Wicket Count
**(B)**

7. ક્રિકેટના Boundary Count (ચોગ્ગાની ગણતરી) નિયમ અંતર્ગત કોઈ ટીમને વિજેતા જાહેર કરવા માટે ટીમના કયા ચોગ્ગાને ધ્યાનમાં લેવામાં આવે છે ?
(A) સમગ્ર ટુર્નામેન્ટના (B) 50 ઓવરની મેચના
(C) સુપર ઓવરના (D) 50 ઓવરની મેચ + સુપર ઓવરના
**(D)**

8. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની ફાઈનલ મેચ તથા સુપર ઓવર બંનેના મળીને ઈંગ્લેન્ડે કુલ કેટલા ચોગ્ગા ફટકાર્યા હતા ?
(A) 17 (B) 23 (C) 26 (D) 29
**(C)**

9. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની ફાઈનલ મેચમાં 'મેન ઓફ ધ મેચ' કોણ જાહેર થયું હતું ?
(A) શ્રી કેન વિલિયમ્સન (B) શ્રી બેન સ્ટોક્સ (C) શ્રી મેટ હેનરી (D) શ્રી ઈયોન મોર્ગન
**(B)**

10. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની સેમીફાઈનલ મેચમાં ભારતનો કઈ ટીમ સામે પરાજય થયો હતો ?
(A) ઈંગ્લેન્ડ (B) ન્યુઝીલેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) દક્ષિણ આફ્રિકા
**(B)**

11. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ની ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની સેમીફાઈનલ મેચ કયા સ્ટેડિયમ પર રમાઈ હતી ?
(A) ઓલ્ડ ટ્રેફોર્ડ, માન્ચેસ્ટર (B) ઓવલ, લંડન
(C) લોર્ડ્સ, લંડન (D) હીડિંગ્લી, લીડ્સ
**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. ક્રિકેટ વર્લ્ડ કપ 2019ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) આ વર્લ્ડ કપમાં ન્યુઝીલેન્ડના કેપ્ટન શ્રી કેન વિલિયમ્સન 'પ્લેયર ઓફ ધ સીરીઝ' જાહેર થયા હતા.
(B) આ વર્લ્ડ કપમાં ભારતના શ્રી રોહિત શર્માએ સૌથી વધુ 648 રન કર્યા હતા.
(C) આ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડના શ્રી મિચેલ સ્ટાર્કે સૌથી વધુ 27 વિકેટ ઝડપી હતી.
(D) આ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર વિશ્વનો છઠ્ઠો દેશ બન્યો છે. (C)

13. ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ કયા સ્ટેડિયમ પર યોજાઈ હતી ?
(A) ઓલ્ડ ટ્રેફોર્ડ, માન્ચેસ્ટર (B) ઓવલ, લંડન
(C) લોર્ડ્સ, લંડન (D) હીડિંગ્લી, લીડ્સ (A)

14. ક્રિકેટ વર્લ્ડ કપ 2019માં ભારત પાકિસ્તાન વચ્ચેની મેચમાં 'મેન ઓફ ધ મેચ' કોણ જાહેર થયું હતું ?
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી રોહિત શર્મા
(C) શ્રી મહેન્દ્રસિંહ ધોની (D) શ્રી કે.એલ. રાહુલ (B)

15. ક્રિકેટ વર્લ્ડ કપના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનો પ્રારંભ 1975થી થયો હતો.
2. સૌથી વધુ ઓસ્ટ્રેલિયાએ પાંચ વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.
3. ભારતે 1983 અને 2011માં આ વર્લ્ડ કપ જીત્યો છે.
4. હવે પછી 2022માં ભારતમાં 13મો ક્રિકેટ વર્લ્ડ કપ યોજાશે.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 2, 3 (B)


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 16 JULY, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : અષાઢ સુદ પૂનમ, ગુરૂપૂર્ણિમા

સમગ્ર ભારતમાં દર વર્ષે અષાઢ સુદ પૂનમ ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે.

- ગુરૂપૂર્ણિમાએ વ્યાસજીનું પૂજન થતું હોવાથી આ પૂર્ણિમાને 'વ્યાસ પૂર્ણિમા' પણ કહેવામાં આવે છે.
- ભારતમાં અનાદીકાળથી ચાલી આવતી ગુરૂશિષ્ય પરંપરામાં ગુરૂપૂર્ણિમાનો વિશેષ મહિમા છે.
- ગુરૂશિષ્ય પરંપરા ભારતીય સંસ્કૃતિની, ભારતીય અધ્યાત્મ જગતની વિલક્ષણ ઘટના છે.
- કદાચ વિશ્વને ભારતની કોઈ સૌથી મોટી ભેટ હોય તો તે આ ગુરૂશિષ્ય પરંપરા જ છે.
- વાલિયા લૂંટારામાંથી 'વાલ્મિકી ઋષિ', બહારવટીયા જેસલમાંથી 'જેસલપીર', શિવામાંથી 'છત્રપતિ શિવાજી' અને નરેન્દ્રમાંથી 'સ્વામી વિવેકાનંદ'નો પ્રાદૂર્ભાવ એ આ ગુરૂશિષ્ય પરંપરાના જ નીતર્યા મોતી છે.



## ➤ સુશ્રી દૂતી ચંદ વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના પ્રથમ ખેલાડી બન્યા




તાજેતરમાં 3 થી 14 જુલાઈ 2019 દરમિયાન **ઇટલી**ના **નેપલ્સ** અથવા તો **નાપોલી** ખાતે **વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ - 2019 Summer Universiade**નું આયોજન થયું હતું.

- જેમાં 1 ગોલ્ડ, 1 સિલ્વર અને 2 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 4 મેડલ સાથે ભારત મેડલ ટેબલમાં 29મા ક્રમે રહ્યું હતું.
- આ સમર યુનિવર્સિયાડમાં ભારતના મહિલા દોડ વીરાંગના **સુશ્રી દૂતી ચંદે 11.32 સેકન્ડ**માં **100 મીટર દોડ** પૂરી કરીને **100 મીટર દોડ**માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- આ સાથે જ **સુશ્રી દૂતી ચંદ વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ** અથવા તો **વર્લ્ડ યુનિવર્સિયાડ**માં ગોલ્ડ મેડલ જીતનાર **ભારતના પ્રથમ દોડવીર અથવા તો દોડ વીરાંગના** બની ગયા છે.

### સુશ્રી દૂતી ચંદ

**સુશ્રી દુતી ચંદ** ભારતના પ્રસિદ્ધ **દોડ વીરાંગના** છે.

- તેમનો જન્મ 3 ફેબ્રુઆરી, 1996ના રોજ ભારતમાં **ઓડિશાના જજપુર** જિલ્લામાં થયો હતો.
- તેઓ ઓડિશાના જજપુર જિલ્લાના **ચકા ગોપાલપુર** નામના ગામના વતની છે.
- મહિલાઓની 100 મીટર દોડમાં તેઓ વર્તમાન નેશનલ ચેમ્પિયન છે.
- મહિલાઓની 100 મીટર દોડની ઈવેન્ટમાં **ઓલિમ્પિક** માટે ક્વોલિફાય થનાર તેઓ **ભારતના ત્રીજા મહિલા** છે. તેઓ **2016**માં ઓલિમ્પિક માટે ક્વોલિફાય થયા હતા.
- **કોઈ વૈશ્વિક ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર શ્રી હિમા દાસ બાદ** તેઓ ભારતના **બીજા** દોડ વીરાંગના છે.
- વર્ષ **2018**માં **જકાર્તા** ખાતે યોજાયેલી **એશિયન ગેમ્સ**માં મહિલાઓની **100 મીટર** અને **200 મીટર** દોડમાં તેમણે **બે સિલ્વર મેડલ** જીત્યા હતા.

**નોંધ :** (1) સુશ્રી દૂતી ચંદે તાજેતરમાં મે 2019 દરમિયાન પોતાના સમલૈંગિક સંબંધ (Same-Sex Relationship) વિશે જાહેરમાં વાત કરી હતી.

(2) આ સાથે જ સુશ્રી દૂતી ચંદ પોતાના સમલૈંગિક સંબંધ વિશે વાત કરનાર ભારતના પ્રથમ Sports Person બની ગયા હતા.

## ➤ વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019

તાજેતરમાં 1 થી 14 જુલાઈ, 2019 દરમિયાન **ઇંગ્લેન્ડ**ના **વિમ્બલ્ડન** ખાતે **133મી** વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- **વિમ્બલ્ડન** એ **વિશ્વની સૌથી જૂની** અને **સૌથી વધુ પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટ** છે.
- **ઈ.સ. 1877થી ઇંગ્લેન્ડ**ના **લંડન**ના **વિમ્બલ્ડન**માં **ઓલ ઇંગ્લેન્ડ ક્લબ** (અથવા તો **ઓલ ઇંગ્લેન્ડ લોન ટેનિસ એન્ડ ક્રોક્વેટ ક્લબ**) ખાતે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ **ગ્રાસ કોર્ટ (ઘાસના મેદાન)** પર રમાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિમ્બલ્ડન 2019 વિજેતા



વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019માં સ્વિત્ઝર્લેન્ડના શ્રી રોજર ફેડરરને પરાજય આપીને સર્બિયાના શ્રી નોવાક યોકોવિકે 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.

- શ્રી નોવાક યોકોવિકની કારકિર્દીનું આ 16મું ગ્રાન્ડસ્લેમ અને પાંચમું વિમ્બલ્ડન ટાઈટલ હતું.
- જ્યારે 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં રોમાનિયાના સુશ્રી સિમોના હાલેપે અમેરિકાના સુશ્રી સેરેના વિલિયમ્સને પરાજય આપીને વિમ્બલ્ડન ટાઈટલ પ્રથમ વખત જીતી લીધું છે.

### વિમ્બલ્ડન 2019 વિજેતા ખેલાડીઓ

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક યોકોવિક (સર્બિયા) | શ્રી રોજર ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી સિમોના હાલેપ (રોમાનિયા) | સુશ્રી સેરેના વિલિયમ્સ (અમેરિકા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી જુઆન સેબેસ્ટિયન કેબેલ (કોલોમ્બિયા)<br>શ્રી રોબર્ટ ફરાહ (કોલોમ્બિયા) | શ્રી નિકોલસ મહુત (ફ્રાન્સ)<br>શ્રી એડવર્ડ રોજર–વાસ્સેલિન (ફ્રાન્સ) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી હિસેહ સુ–વાઈ (ચાઈનીઝ તાઈપેઈ)<br>સુશ્રી બાર્બોરા સ્ટ્રીકોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી ગાબ્રીએલા ડેબ્રોવસ્કી (કેનેડા)<br>સુશ્રી ઝુ યિફાન (ચીન) |
| 5 | મિક્સ ડબલ્સ | શ્રી ઈવાન ડોડિગ (ક્રોએશિયા)<br>સુશ્રી લતીશા ચાન (ચાઈનીઝ તાઈપેઈ) | શ્રી રોબર્ટ લિન્ડસ્ટેડ (સ્વીડન)<br>સુશ્રી જેલેના ઓસ્ટાપેન્કો (લાટવિયા) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં (1) ઓસ્ટ્રેલિયન ઓપન (2) ફ્રેન્ચ ઓપન (3) વિમ્બલ્ડન અને (4) યુએસ ઓપનનો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં ઉપરોક્ત ચાર ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | કલે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |

- **ફ્રેન્ચ ઓપન કલે કોર્ટ** પર રમાય છે.
- **ઓસ્ટ્રેલિયન ઓપન** એ દર વર્ષે **વર્ષના પ્રારંભે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **યુએસ ઓપન** એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **વિમ્બલ્ડન** એ **સૌથી જૂની** ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

**નોંધ :** (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

GPSC
ક્લાસ 1/2
RFO • DY.SO • DY.MAMLATDAR
ફ્રી ટ્રાયલ લેક્ચર 30-07-19
સાંજે 6:30 થી 8:30
GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ
વિકલી OMR પેપર પ્રેક્ટિસ
સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ

| | |
|---|---|
| GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન | શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ |
| GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ | પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના |
| દરેક વિષયની ઉંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી | GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ |

અમદાવાદ
ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS
127/ Ratna Business Square, Old Natraj Cinema, Opp H.K collage, Ashram Road
CALL : 8469501110 / 8469601110
www.iceonline.in | icerajkot | t.me/icerajkotofficial | icerajkot

ICE Questions

1. ભારતમાં દર વર્ષે કયો દિવસ ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે ?
(A) મહા સુદ પૂનમ (B) મહા વદ પૂનમ
(C) અષાઢ સુદ પૂનમ (D) અષાઢ વદ પૂનમ (C)

2. ભારતમાં કઈ પૂનમ 'વ્યાસ પૂર્ણિમા' તરીકે ઓળખાય છે ?
(A) શરદ પૂનમ (B) ચૈત્રી પૂનમ (C) ભાદરવી પૂનમ (D) ગુરૂ પૂનમ (D)

3. વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ અથવા વર્લ્ડ યુનિવર્સિયાડમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના પ્રથમ દોડવીર અથવા તો દોડ વીરાંગનાનું નામ શું છે ?
(A) સુશ્રી હિમા દાસ (B) સુશ્રી દૂતી ચંદ
(C) સુશ્રી પી.ટી. ઊષા (D) ત્રણમાંથી કોઈ નહિ (B)

4. જુલાઈ 2019 દરમિયાન કઈ જગ્યાએ યોજાયેલ સમર યુનિવર્સિયાડમાં ભારતના સુશ્રી દૂતી ચંદે ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(A) વેનીસ, ઈટલી (B) વેરોના, ઈટલી (C) નેપલ્સ, ઈટલી (D) મિલાન, ઈટલી (C)

5. જુલાઈ 2019 દરમિયાન ઈટલીના નેપલ્સ અથવા તો નાપોલી ખાતે યોજાયેલી યુનિવર્સિયાડ ચેમ્પિયનશિપની કઈ ઈવેન્ટમાં ભારતના સુશ્રી દૂતી ચંદે ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(A) 100 મીટર દોડ (B) 200 મીટર દોડ (C) 400 મીટર દોડ (D) 800 મીટર દોડ (A)

6. ઈટલીના નેપલ્સ ખાતે યોજાયેલી યુનિવર્સિયાડ ચેમ્પિયનશિપમાં કેટલી સેકન્ડમાં 100 મીટર દોડ પૂરી કરીને ભારતના સુશ્રી દૂતી ચંદે ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(A) 11.02 (B) 11.12 (C) 11.22 (D) 11.32 (D)

7. સુશ્રી દૂતી ચંદનો જન્મ ભારતના કયા રાજ્યના કયા જિલ્લામાં થયો હતો ?
(A) બાલાંગીર, ઓડિશા (B) જયપુર, રાજસ્થાન
(C) જજપુર, ઓડિશા (D) ઝારસુગુડા, ઓડિશા (C)

8. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી રાફેલ નડાલ
(C) શ્રી કેવિન એન્ડરસન (D) શ્રી નોવાક યોકોવિક (D)

9. વિમ્બલ્ડન 2019માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર શ્રી નોવાક યોકોવિકના દેશનું નામ શું છે ?
(A) સ્વિત્ઝર્લેન્ડ (B) સ્પેન (C) જર્મની (D) સર્બિયા (D)

10. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) સુશ્રી સેરેના વિલિયમ્સ (B) સુશ્રી સિમોના હાલેપ
(C) સુશ્રી કેટરિના સિનિકોવા (D) સુશ્રી એંજેલિક કાર્બર (B)

11. વિમ્બલ્ડન 2019માં 'વિમેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર સુશ્રી સિમોના હાલેપના દેશનું નામ શું છે ?
(A) રોમાનિયા (B) સ્પેન (C) અમેરિકા (D) જર્મની (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

12. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019માં 'મેન્સ ડબલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીઓનું નામ શું છે ?
(A) શ્રી જુઆન સેબેસ્ટીઅન કેબેલ અને શ્રી રોબર્ટ ફરાહ
(B) શ્રી જુઆન સેબેસ્ટીઅન કેબેલ અને શ્રી ઈવાન ડોડિગ
(C) શ્રી જુઆન સેબેસ્ટીઅન કેબેલ અને શ્રી માઈક બ્રાઈન
(D) શ્રી માઈક બ્રાયન અને શ્રી જેક સોક (A)

13. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019માં 'વિમેન્સ ડબલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીઓનું નામ શું છે ?
(A) સુશ્રી હિસેન સુ–વાઈ અને સુશ્રી બાર્બરા સ્ટ્રીકોવા
(B) સુશ્રી હિસેન સુ–વાઈ અને સુશ્રી લતિશા ચાન
(C) સુશ્રી હિસેન સુ–વાઈ અને સુશ્રી બાર્બરા ક્રેજકીકોવા
(D) સુશ્રી બાર્બરા ક્રેજકીકોવા અને સુશ્રી કેટરિના સિનિકોવા (A)

14. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2019માં 'મિક્સ ડબલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીઓનું નામ શું છે ?
(A) શ્રી ઈવાન ડોડિગ અને સુશ્રી લતિશા ચાન
(B) શ્રી ઈવાન ડોડિગ અને બાર્બરા ક્રેજકીકોવા
(C) શ્રી ઈવાન ડોડિગ અને સુશ્રી બાર્બરા સ્ટ્રીકોવા
(D) શ્રી એલેકઝાન્ડર પેયા અને સુશ્રી નિકોલ મેલિચર (A)

15. વિશ્વની સૌથી જૂની અને સૌથી વધુ પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટનું નામ શું છે ?
(A) ફ્રેન્ચ ઓપન (B) યુ. એસ. ઓપન
(C) ઓસ્ટ્રેલિયન ઓપન (D) વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ (D)

16. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનું આયોજન કયા દેશમાં થાય છે ?
(A) અમેરિકા (B) જર્મની (C) ફ્રાન્સ (D) ઈંગ્લેન્ડ (D)

17. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ કઈ કોર્ટ પર રમાય છે ?
(A) હાર્ડ કોર્ટ (B) ક્લે કોર્ટ (C) A અને B બંને (D) ગ્રાસ કોર્ટ (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 17 JULY, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 17 જુલાઈ (1) International Justice Day (2) World Emoji Day


### ➤ સુશ્રી અંશુલા કાન્ત વર્લ્ડ બેન્કમાં ભારતના પ્રથમ મહિલા CFO બન્યા



ભારતમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI)ના મેનેજિંગ ડિરેક્ટર સુશ્રી અંશુલા કાન્તની World Bankના Managing Director (MD) અને Chief Financial Officer (CFO) તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે જ સુશ્રી અંશુલા કાન્ત વર્લ્ડ બેન્કમાં CFO બનનાર ભારતના પ્રથમ મહિલા બની ગયા છે.
- તેઓ વર્લ્ડ બેન્કમાં Financial અને Risk Management સંબંધિત કાર્યો સંભાળશે અને વર્લ્ડ બેન્કના અધ્યક્ષને રિપોર્ટિંગ કરશે.

**નોંધ :** વર્લ્ડ બેન્કના વર્તમાન (17 જુલાઈ, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી ડેવિડ માલપસ છે.





## ➤ કરતારપુરમાં રોજ 5000 શ્રદ્ધાળુને દર્શનની મંજૂરી

તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની **અટારી વાઘા સરહદે** કરતારપુર કોરિડોર અંગે **બીજી મંત્રણાનું** આયોજન થયું હતું.



- જેમાં ભારત અને પાકિસ્તાનના 20-20 અધિકારીઓ હાજર રહ્યા હતા.
- આ બેઠકમાં **કરતારપુર** દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓને **વીઝા ફ્રી એન્ટ્રી** આપવાની ભારતની માંગ પાકિસ્તાને સ્વીકારી લીધી છે.
- આથી, હવે દરરોજ લગભગ **5000** જેટલા શ્રદ્ધાળુઓ કરતારપુર સાહિબ ગુરુદ્વારાની યાત્રા કરી શકશે.
- આ ઉપરાંત ભારતે ખાસ તહેવાર હોય ત્યારે રોજના **10,000** શ્રદ્ધાળુઓને દર્શનની મંજૂરી આપવાની માંગ કરી છે.
- ભારતે પાકિસ્તાનને તેમની તરફ **રાવી નદી** પર **પુલ** બનાવવાની પણ અપીલ કરી છે. ભારત પણ તેની જમીન પર આવો પુલ બનાવી રહ્યું છે.
- આ ઉપરાંત પાકિસ્તાને વિશ્વાસ અપાવ્યો છે કે, ભારત વિરુદ્ધની કોઈપણ ગતિવિધિમાં આ કોરિડોરનો ઉપયોગ નહીં થાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કરતારપુર કોરિડોર શું છે ?

કરતારપુર એ પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લાના શકરગઢ તાલુકામાં રાવી નદીના કિનારે આવેલું એક નગર છે.

- શીખ ધર્મના પ્રથમ ગુરૂ **શ્રી ગુરૂ નાનકે** 16મી સદીમાં આ નગરની સ્થાપના કરી હતી. અને ત્યાં પ્રથમ શીખ સમુદાય સ્થાપ્યો હતો.
- તેમણે તેમના જીવનના અંતીમ વર્ષો કરતારપુરમાં જ વીતાવ્યા હતા. અને 22 સપ્ટેમ્બર, 1539ના રોજ કરતારપુરમાં જ તેમનું નિધન થયું હતું.
- આથી, કરતારપુરમાં આવેલા **'ગુરુદ્વારા દરબાર સાહિબ'** તરીકે ઓળખાતા ગુરુદ્વારામાં દર્શનાર્થે જવાનું શીખોમાં વિશેષ મહત્ત્વ છે.
- જોકે, આ સ્થળ પાકિસ્તાનમાં આવેલું હોવાથી શીખ શ્રદ્ધાળુઓ ત્યાં સરળતાથી દર્શનાર્થે જઈ શકતા ન હતા.
- આથી, ભારતના શીખ શ્રદ્ધાળુઓ સરળતાથી કરતારપુર જઈ શકે તે માટે **કરતારપુર કોરિડોર** વિકસાવવાની યોજના બનાવવામાં આવી છે.
- આ માટે **ભારત અને પાકિસ્તાન** દ્વારા **ભારતના પંજાબના ડેરા બાબા નાનક સાહિબ**થી **પાકિસ્તાન**ના **પંજાબ**માં આવેલા **ગુરૂદ્વારા દરબાર સાહિબ કરતારપુર**ને જોડતો એક કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS





- **ડેરા બાબા નાનક** અથવા તો **ડેરા બાબા નાનક સાહિબ** એ શીખ ધર્મનું પ્રસિદ્ધ તીર્થ સ્થળ છે. જે **ભારત**માં **પંજાબ**ના **ગુરદાસપુર** જિલ્લામાં આવેલું છે.
- આથી, આ બંને સ્થળો વચ્ચે કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે. જેમાં **રાવી નદી** પર આશરે 800 મીટર લાંબા પુલનું પણ નિર્માણ કરવામાં આવશે.

## કરતારપુર કોરિડોરનો શિલાન્યાસ

26 નવેમ્બર, 2018ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ **શ્રી એમ. વેંકૈયા નાયડુએ** ભારતમાં **પંજાબ**ના **ગુરદાસપુર** જિલ્લાના **માન (Mann)** ગામમાં આ કોરિડોરનો શિલાન્યાસ કર્યો હતો.

- જ્યારે 28 નવેમ્બર, 2018ના રોજ પાકિસ્તાનના વડાપ્રધાન **શ્રી ઈમરાન ખાને** પાકિસ્તાનના **પંજાબ**ના **નારોવલ જિલ્લા**માં આ કોરિડોરનો શિલાન્યાસ કરાવ્યો હતો.
- શ્રી ગુરૂ નાનક દેવની **550મી જયંતી**ના અવસરે **29 નવેમ્બર, 2019** સુધીમાં આ કોરિડોર ચાલુ થઈ જાય તેવી ભારત સરકારની ઈચ્છા છે.

**નોંધ :** (1) શ્રી ગુરૂ નાનક દેવનો જન્મ **29 નવેમ્બર, 1469**ના રોજ **તલવંડી** અથવા તો **રાય ભોઈની તલવંડી** નામના ગામમાં (હાલ **નાનકાના સાહિબ, પંજાબ, પાકિસ્તાન**માં) થયો હતો.

(2) કરતારપુર કોરિડોરની રચનાનો સૌપ્રથમ પ્રસ્તાવ ભારતના વડાપ્રધાન **શ્રી અટલ બિહારી વાજપેઈ** દ્વારા **1999**માં રજૂ કરવામાં આવ્યો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. વર્લ્ડ બેંકના MD અને CFO તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) સુશ્રી અનસોયા કાન્ત (B) સુશ્રી અનસોયા રોય
   (C) સુશ્રી અંશુલા કાન્ત (D) સુશ્રી અંશુલા રોય **(C)**

2. વર્લ્ડ બેન્કના CFO તરીકે નિમણૂક પામનાર ભારતના પ્રથમ મહિલાનું નામ શું છે ?
   (A) સુશ્રી અંશુલા કાન્ત (B) સુશ્રી નિર્મલા રામન
   (C) સુશ્રી અંજના ચૌધરી (D) સુશ્રી રંજના નાયક **(A)**

3. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાયેલી કરતારપુર કોરિડોર અંગેની બીજી મંત્રણા બાદ કરતારપુર જવા માટે દરરોજ લગભગ કેટલા લોકોને વીઝા ફ્રી એન્ટ્રી આપવા માટે પાકિસ્તાને સહમતિ દર્શાવી છે ?
   (A) 1000 (B) 2000 (C) 3000 (D) 5000 **(D)**

**4.** કરતારપુરના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) તે પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લાના શકરગઢ તાલુકામાં રાવી નદીના કિનારે આવેલું છે.

(B) શ્રી ગુરૂ નાનક દેવે 16મી સદીમાં આ નગરની સ્થાપના કરી હતી. અને અહીં તેમણે સૌપ્રથમ શીખ સમુદાયની સ્થાપના કરી હતી.

(C) શ્રી ગુરૂ નાનક દેવનું નિધન કરતારપુરમાં જ થયું હતું.

(D) કરતારપુર હીરાની ખાણ માટે પણ પાકિસ્તાનમાં પ્રસિદ્ધ છે.

**(D)**

---

**5.** 26 નવેમ્બર, 2018ના રોજ ભારતમાં કરતારપુર કોરિડોરનો શિલાન્યાસ કોણે કરાવ્યો હતો ?

(A) શ્રી રામનાથ કોવિંદ　(B) શ્રી નરેન્દ્રભાઈ મોદી

(C) શ્રી વેંકૈયા નાયડુ　(D) કેપ્ટન અમરિન્દર સિંહ

**(C)**

---

**6.** ભારતના કયા સ્થળથી પાકિસ્તાનના કરતારપુર વચ્ચે કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે ?

(A) ડેરા બાબા નાનક સાહિબ　(B) ગુરૂદ્વારા દરબાર સાહિબ

(C) સુવર્ણમંદિર, અમૃતસર　(D) ત્રણમાંથી કોઈ નહિ

**(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 18 JULY, 2019 THURSDAY

### ➤ National Investigation Agency (Amendment) Bill, 2019 લોકસભા અને રાજ્યસભામાં પસાર



15 જુલાઈ, 2019ના રોજ National Investigation Agency (Amendment) Bill, 2019 278 વિરુદ્ધ 6 મતથી ભારતની લોકસભામાં પસાર થઈ ગયું છે.

- ભારતના રાજ્ય કક્ષાના ગૃહમંત્રી શ્રી જી. કિશન રેડ્ડીએ લોકસભામાં આ બિલ રજૂ કર્યું હતું.
- આ બિલ દ્વારા NIA Act, 2008માં સુધારો કરવામાં આવશે.
- લોકસભામાં પસાર થયા બાદ 17 જુલાઈ, 2019ના રોજ ભારતની રાજ્યસભામાં પણ આ બિલ પસાર થઈ ગયું છે. હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલ અમલમાં આવશે.

#### NIA Bill, 2019ની મહત્ત્વની જોગવાઈ

ભારતની સંસદમાં પસાર થયેલા 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (અમેન્ડમેન્ટ) બિલ, 2019'ની મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

1. NIAની તપાસના વ્યાપમાં વધારો કરવામાં આવ્યો છે. આથી હવે NIA માનવ તસ્કરી, બનાવટી ચલણ, પ્રતિબંધિત હથિયારો, સાયબર ક્રાઈમ, આતંકવાદ અને દેશ વિરોધી ગતિવિધિઓ જેવા કેસોની પણ તપાસ કરી શકશે.
2. NIA હવે વિદેશોમાં પણ ગંભીર ગુનાઓના કેસોની નોંધણી અને તેની તપાસ કરી શકશે.
3. દેશ–વિદેશમાં ગુનાઓની તપાસ માટે NIAના અધિકારીઓને હવે પોલીસ અધિકારીઓ જેવી સત્તાઓ અને વિશેષાધિકાર મળશે.
4. હવેથી NIA સાથે સંકળાયેલા કેસોની ટ્રાયલ માટે સરકાર સેશન્સ કોર્ટને જ સ્પેશિયલ કોર્ટનો દરજ્જો આપી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

#### NIA Actમાં સુધારો કરવાનો ઉદ્દેશ

ભારતમાં NIA Actમાં સુધારો કરવાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી'નો હાથ મજબૂત કરવાનો છે.

- દેશમાં વધતા અપરાધ અને આતંકવાદને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

#### NIA


National Investigation Agency (NIA) એ ભારતની આતંકવાદનો સામનો કરવા માટેની સેન્ટ્રલ એજન્સી છે.

- વર્ષ 2008માં ભારતમાં મુંબઈમાં થયેલા 26/11ના આતંકી હુમલા બાદ આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 31 ડિસેમ્બર, 2008ના રોજ ભારતીય સંસદ દ્વારા 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એક્ટ, 2008' પસાર કરીને 2009માં આ એજન્સીની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારતના કોઈપણ રાજ્યમાં રાજ્યો દ્વારા વિશેષ મંજૂરી સિવાય આતંકવાદ સંબંધિત ગુનાઓની તપાસ કરી શકે છે. તેનું વડું મથક ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ ઉપરાંત હૈદરાબાદ, ગુવાહાટી, કોચિ, લખનૌ, મુંબઈ, કોલકાતા, રાયપુર અને જમ્મુમાં પણ તેની બ્રાન્ચો આવેલી છે.
- ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત આ એજન્સી કાર્ય કરે છે.




**નોંધ :** NIAના વર્તમાન (18 જુલાઈ, 2019ની સ્થિતિએ) ડિરેક્ટર જનરલ શ્રી Y.C. મોદી છે.

## ➤ શ્રી કુલભૂષણ જાધવની ફાંસી ઉપર આંતરરાષ્ટ્રીય કોર્ટનો પ્રતિબંધ



3 માર્ચ 2016ના રોજ **ભારતીય નૌસેના**ના પૂર્વ અધિકારી **શ્રી કુલભૂષણ જાધવ**ની જાસૂસીના આરોપ સર **પાકિસ્તાન** દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

- ત્યારબાદ 10 એપ્રિલ 2017ના રોજ **પાકિસ્તાની સૈન્ય અદાલતે** શ્રી કુલભૂષણ જાધવને પાકિસ્તાન વિરોધી કામગીરીનો આરોપ મૂકીને **ફાંસીની સજા** કરી હતી.
- આથી, ભારતે આ ચુકાદા વિરુદ્ધ **ICJ**માં અપીલ કરી હતી.
- આ અંતર્ગત 17 જુલાઈ 2019ના રોજ ICJ દ્વારા ભારતની તરફેણમાં ખૂબ જ મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે.
- ICJ દ્વારા અપાયેલા ચુકાદામાં પાકિસ્તાન દ્વારા શ્રી કુલભૂષણ જાધવને અપાયેલી **ફાંસીની સજા ઉપર પ્રતિબંધ** મૂકવામાં આવ્યો છે.
- આ ઉપરાંત ICJએ પાકિસ્તાનને શ્રી કુલભૂષણ જાધવની સજાની સમીક્ષા કરવા અને **એ અંગે ફેર વિચારણા કરવા** જણાવ્યું છે.
- આ ઉપરાંત ICJએ શ્રી કુલભૂષણ જાધવને **કોન્સ્યુલર એક્સેસ આપવાનો** પણ આદેશ આપ્યો છે.

**નોંધ :** **પાકિસ્તાન**ના જણાવ્યા અનુસાર **શ્રી કુલભૂષણ જાધવ**ની ધરપકડ પાકિસ્તાનના **બલૂચિસ્તાન**માંથી કરવામાં આવી હતી. જ્યારે **ભારત**ના મતે તેમની ધરપકડ **ઈરાન**માંથી થઈ હતી.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICJનું મહત્ત્વનું અવલોકન

ICJનું મહત્ત્વનું અવલોકન એ હતું કે શ્રી કુલભૂષણ જાધવને કોન્સ્યુલર એક્સેસ (રાજદ્વારી પહોંચ કે રાજદ્વારી મદદ) ન આપીને પાકિસ્તાને **1963**માં થયેલી **'વિયેના કન્વેન્શન ઓન કોન્સ્યુલર રિલેશન્સ'** નામની સંધિનો ભંગ કર્યો છે.

- આ સંધિના **આર્ટિકલ 36(1b)** હેઠળ ભારતને પોતાના નાગરિક સુધી પહોંચવાનો અને તેને મદદ કરવાનો હક છે. એવું નહિ કરીને પાકિસ્તાને નિયમોનું ઉલ્લંઘન કર્યું છે.

### કેટલા જજની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો ?

ICJના અધ્યક્ષ **શ્રી એ.એ. યુસુફ**ના નેતૃત્વમાં **16 જજો**ની બેન્ચે **15 વિરુદ્ધ 1 મતથી** પાકિસ્તાનની દલીલો ફગાવી દીધી હતી.

- ICJમાં ભારત તરફથી શ્રી કુલભૂષણ જાધવનો કેસ **શ્રી હરીશ સાલ્વે** નામના **વકીલ** **ફક્ત 1 રૂ. ટોકન ફી લઈને લડી રહ્યા છે.**

### ICJ શું છે ?



**ICJ**નું પૂરું નામ **'International Court of Justice'** છે.

- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસને ટૂંકમાં **ICJ** અથવા તો **વિશ્વ અદાલત** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ICJ એ સંયુક્ત રાષ્ટ્રની પ્રાથમિક ન્યાયિક શાખા છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેની સ્થાપના **1945**માં થઈ હતી.
- આ અદાલતનું કાર્યાલય **'શાંતિ મહેલ' (Peace Palace)** તરીકે ઓળખાય છે. જે **નેધરલેન્ડ**ના **હેગ** ખાતે આવેલું છે.

**નોંધ :** (1) ICJમાં હાલ (18 જુલાઈ, 2019ની સ્થિતિએ) એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ, 13 ન્યાયાધીશ અને એક રજિસ્ટ્રાર સહિત કુલ 16 સભ્યો છે.

(2) જેમાં ભારતના ન્યાયાધીશનું નામ શ્રી દલવીર ભંડારી છે.

(3) ICJમાં ન્યાયાધીશની મુદત 9 વર્ષની હોય છે. મુદત પૂરી થયા બાદ તેઓ ફરીથી ચૂંટાઈ શકે છે.

## ICE ? Questions

1. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર થયેલા 'નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એમેન્ડમેન્ટ) બિલ, 2019' અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવશે ?
(A) NIA Act, 2008 (B) NIA Act, 2009 (C) NIA Act, 2010 (D) NIA Act, 2017 **(A)**

2. તાજેતરમાં ભારતની સંસદમાં પસાર કરેલા NIA બિલ, 2019ની મહત્ત્વની જોગવાઈઓમાં નીચેનામાંથી કઈ જોગવાઈનો સમાવેશ થતો નથી ?
(A) NIAની તપાસના વ્યાપમાં વધારો
(B) NIAને વિદેશમાં પણ તપાસની છૂટ
(C) NIAના અધિકારીઓને પોલીસ અધિકારીઓ જેવી સત્તા મળશે
(D) NIA હવે ભારતના વિદેશ અને સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરશે **(D)**

3. NIAના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે આતંકવાદનો સામનો કરવા માટેની ભારતની સેન્ટ્રલ એજન્સી છે.
2. 26/11/2008ના રોજ મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલા બાદ તેની સ્થાપના કરવામાં આવી હતી.
3. NIA એક્ટ, 2008 દ્વારા 2009માં તેની સ્થાપના થઈ હતી.
4. તેનું વડું મથક દિલ્હી ખાતે આવેલું છે. અને ભારતના અન્ય શહેરોમાં તેની બ્રાન્ચો આવેલી છે.
5. તે ભારત સરકારના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 4, 5 (C) 1, 4, 5 (D) 1, 2, 3, 4 **(A)**

4. NIAનું પૂરું નામ શું છે ?
(A) National Investigate Agency (B) National Insurance Agency
(C) National Irrigation Agency (D) National Investigation Agency **(D)**

5. તાજેતરમાં શ્રી કુલભૂષણ જાધવની ફાંસી ઉપર કઈ કોર્ટે પ્રતિબંધ મૂક્યો છે ?
(A) ICG (B) ICD (C) ICJ (D) ICF **(C)**

6. ICJ દ્વારા તાજેતરમાં શ્રી કુલભૂષણ જાધવ અંગે અપાયેલા ચુકાદાના સંદર્ભમાં નીચેનામાંથી કઈ બાબત સાચી નથી ?
(A) તેમની ફાંસી પર પ્રતિબંધ મૂકવાનો આદેશ
(B) તેમની ફાંસી અંગે સમીક્ષા અને ફેર વિચારણા કરવાનો આદેશ
(C) તેમને કોન્સ્યુર એક્સેસ આપવાનો આદેશ
(D) તેમને ભારતને સોંપી દેવાનો આદેશ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. ICJના જજો દ્વારા કેટલા મતોથી શ્રી કુલભૂષણ જાધવ પરની ફાંસી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?
(A) 15 વિરુદ્ધ 1 (B) 14 વિરુદ્ધ 2 (C) 13 વિરુદ્ધ 3 (D) 12 વિરુદ્ધ 4 **(A)**

8. ICJનું કાર્યાલય કયાં આવેલું છે ?
(A) પેરિસ, ફ્રાન્સ (B) ન્યુયોર્ક, અમેરિકા
(C) હેગ, નેધરલેન્ડ (D) દુબઈ, UAE **(C)**

9. નેધરલેન્ડના હેગ ખાતે આવેલા ICJના કાર્યાલયનું નામ શું છે ?
(A) રક્ષા મહેલ (B) સુરક્ષા મહેલ (C) ન્યાય મહેલ (D) શાંતિ મહેલ **(D)**

10. ICJના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1945માં તેની સ્થાપના થઈ હતી.
2. તેના વર્તમાન અધ્યક્ષ શ્રી અબ્દુલકવી અહેમદ યુસુફ અથવા તો શ્રી એ.એ. યુસુફ (દેશ : સોમાલિયા) છે.
3. ICJમાં કાર્યરત વર્તમાન ભારતીય જજનું નામ શ્રી દલબીર ભંડારી છે.
4. ICJમાં શ્રી કુલભૂષણ જાધવનો કેસ લડી રહેલા ભારતીય વકીલનું નામ શ્રી હરીશ સાલ્વે છે.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 2, 4 **(A)**

## 19 JULY, 2019 FRIDAY

### ➤ 'Blue Flag' Certification મેળવવા માટે ભારતના 12 બીચની પસંદગી

કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં 'Blue Flag' Certification મેળવવા માટે ભારતના 12 બીચની પસંદગી કરવામાં આવી છે. આ 12 બીચોનું લિસ્ટ આ પ્રમાણે છે :

| ક્રમ | બીચ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1. | શિવરાજપુર | ગુજરાત |
| 2. | ભોગવે | મહારાષ્ટ્ર |
| 3. | ઘોઘલા | દિવ |
| 4. | મિરામાર | ગોવા |
| 5. | કપ્પડ | કેરલ |
| 6. | કાસરકોડ | કર્ણાટક |
| 7. | પદુબિદરી | કર્ણાટક |
| 8. | ઈડન | પુડુચેરી |
| 9. | મહાબલીપુરમ્ | તમિલનાડુ |
| 10. | ઋષિકોંડા | આંધ્રપ્રદેશ |
| 11. | ગોલ્ડન | ઓડિશા |
| 12. | રાધાનગર | આંદમાન નિકોબાર |





## 'Blue Flag' Certification શું છે ?

<u>**Foundation for Environmental Education (FEE)**</u> નામની નોન ગવર્નમેન્ટલ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન દ્વારા <u>**પર્યાવરણ અને સ્વચ્છતા**</u> સંબંધી ઉચ્ચ માપદંડ ધરાવતા બીચોને આ સર્ટિફિકેશન આપવામાં આવે છે.

- આ માટે પાણીની ગુણવત્તા, પર્યાવરણીય શિક્ષણ અને માહિતી, પર્યાવરણીય સંચાલન, સલામતી અને સેવાઓ વગેરે જેવા લગભગ <u>33</u> જેટલા માપદંડોને ધ્યાને લેવામાં આવે છે.
- સૌપ્રથમ <u>1985</u>માં <u>ફ્રાન્સ</u>માં અને ત્યારબાદ <u>1987</u>માં <u>યુરોપ</u>માં આ પ્રોગ્રામનો પ્રારંભ થયો હતો.
- 19 જુલાઈ, 2019 સુધીમાં વિશ્વના <u>45</u> દેશોના <u>4560 Beaches, Marinas અને Sustainable Boating Tourism Operators</u>ને આ સર્ટિફિકેશન આપવામાં આવ્યું છે.
- જેમાં સૌથી વધુ <u>સ્પેન</u>ના 566 બીચ, 98 મરિન્સ અને 2 બોટ્સ સહિત કુલ <u>666</u> સાઈટને આ સર્ટિફિકેશન મળ્યું છે.




## ICE Questions

**1.** 'Blue Flag' Certification મેળવવા માટે ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં ભારતના કેટલા બીચની પસંદગી કરવામાં આવી છે ?

(A) 8 (B) 10 (C) 12 (D) 14 **(C)**

**2.** 'Blue Flag' Certification મેળવવા માટે પસંદ થયેલા ભારતના 12 બીચોમાં ગુજરાતના કયા બીચનો સમાવેશ થયો છે ?

(A) માંડવી (B) ડુમસ (C) ગોપનાથ (D) શિવરાજપુર **(D)**

**3.** નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા 'Blue Flag' Certification આપવામાં આવે છે ?

(A) FEE (B) FFE (C) EFF (D) FFF **(A)**

**4.** ફાઉન્ડેશન ફોર એન્વાયર્મેન્ટલ એજ્યુકેશન (FEE) દ્વારા કઈ સાઈટને 'Blue Flag' Certification આપવામાં આવે છે ?

(A) Beaches
(B) Marinas
(C) Sustainable Boating Tourism Operators
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 20 JULY, 2019 SATURDAY

### ➢ દિવસ મહિમા : 19 જુલાઈ, ઈન્ટરનેશનલ ચેસ ડે

### ➢ 'ગોલ્ડન ગર્લ' હિમા દાસે 20 દિવસમાં 5 ગોલ્ડ મેડલ જીત્યા

ભારતના પ્રસિદ્ધ દોડ વીરાંગના સુશ્રી હિમા દાસે તાજેતરમાં 2 થી 20 જુલાઈ 2019 દરમિયાન 5 ગોલ્ડ મેડલ જીતીને અનોખી સિદ્ધિ મેળવી છે.

- સુશ્રી હિમા દાસે જીતેલા 5 ગોલ્ડ મેડલ વિશેની વિગત આ પ્રમાણે છે :

**સુશ્રી હિમા દાસના 5 ગોલ્ડ**


| ક્રમ | તારીખ | ટુર્નામેન્ટ | સ્થળ | ઈવેન્ટ | સમય(સેકન્ડમાં) |
|---|---|---|---|---|---|
| 1. | 2 જુલાઈ, 19 | Poznan Athletics Grand Prix | પોલેન્ડ | 200 મીટર દોડ | 23.65 |
| 2. | 7 જુલાઈ, 19 | Kutno Athletics Meet | પોલેન્ડ | 200 મીટર દોડ | 23.97 |
| 3. | 13 જુલાઈ, 19 | Kladno Athletics Meet | ચેક રિપબ્લિક | 200 મીટર દોડ | 23.43 |
| 4. | 16 જુલાઈ, 19 | Tabor Athletics Meet | ચેક રિપબ્લિક | 200 મીટર દોડ | 23.25 |
| 5. | 20 જુલાઈ, 19 | Nove Mesto and Metuji Grand Prix | ચેક રિપબ્લિક | 400 મીટર દોડ | 52.09 |

**સુશ્રી હિમા દાસ**



સુશ્રી હિમા દાસ 100, 200 અને 400 મીટર દોડ ઈવેન્ટના ભારતના પ્રસિદ્ધ દોડ વીરાંગના છે.

- 9 જાન્યુઆરી, 2000ના રોજ આસામના નાગાંવ જિલ્લાના ઢિંગ નામના ગામમાં તેમનો જન્મ થયો હતો.
- ઢિંગ ગામના હોવાથી તેઓ 'Dhing Express'ના હુલામણા નામથી પણ ઓળખાય છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્ત્વના મેડલ

1. IAAF World U20 Championshipમાં ગોલ્ડ મેડલ જીતનાર સુશ્રી હિમા દાસ ભારતના પ્રથમ એથ્લેટ છે. વર્ષ 2018માં ફિનલેન્ડના ટેમ્પેર ખાતે યોજાયેલ IAAF World U20 Championshipમાં તેમણે 400 મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
2. વર્ષ 2018માં જકાર્તા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સમાં તેમણે Women's 4 × 400 તથા Mixed 4 × 400 મીટર દોડમાં બે ગોલ્ડ મેડલ અને 400 મીટર દોડમાં એક સિલ્વર મેડલ જીત્યો હતો.

## એવોર્ડ અને અન્ય સિદ્ધિ

1. અર્જુન એવોર્ડ (2018).
2. UNICEFના Youth Ambassador તરીકે નિમણૂક પામનાર ભારતના પ્રથમ વ્યક્તિ બન્યા (2018).
3. આસામ સરકાર દ્વારા સ્પોર્ટ્સ માટેના આસામના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂક.
4. શ્રી ભોગેશ્વર બરુહ બાદ ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતનાર તેઓ આસામના બીજા એથ્લેટ છે.
5. 400 મીટર દોડનો 50.79 સેકન્ડનો ઈન્ડિયન નેશનલ રેકોર્ડ સુશ્રી હિમા દાસના નામે જ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દોડની ઈવેન્ટમાં સુશ્રી હિમા દાસનું શ્રેષ્ઠ પ્રદર્શન**

| ક્રમ | ઈવેન્ટ | સેકન્ડ | વર્ષ |
|---|---|---|---|
| 1. | 100 મીટર દોડ | 11.74 | 2018 |
| 2. | 200 મીટર દોડ | 23.10 | 2018 |
| 3. | 400 મીટર દોડ | 50.79 | 2018 |



## ➤ ભારતના 10 રાજ્યોમાં નવા રાજ્યપાલ

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તાજેતરમાં ભારતના 10 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરી છે.

- જેમાં મધ્યપ્રદેશ, બિહાર અને હિમાચલપ્રદેશના વર્તમાન રાજ્યપાલની અન્ય રાજ્યમાં ટ્રાન્સફર કરવામાં આવી છે.
- જ્યારે અન્ય 7 રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવી છે.

**નવા 10 રાજ્યપાલ**

| ક્રમ | રાજ્ય | નવા રાજ્યપાલ | કોની જગ્યાએ | અગાઉ કયા રાજ્યના રાજ્યપાલ હતા ? |
|---|---|---|---|---|
| 1. | ગુજરાત | શ્રી આચાર્ય દેવવ્રત | શ્રી ઓ.પી. કોહલી | હિમાચલપ્રદેશ |
| 2. | ઉત્તરપ્રદેશ | શ્રીમતી આનંદીબેન પટેલ | શ્રી રામ નાઈક | મધ્યપ્રદેશ, છત્તીસગઢ |
| 3. | મધ્યપ્રદેશ | શ્રી લાલજી ટંડન | શ્રીમતી આનંદીબેન પટેલ | બિહાર |
| 4. | હિમાચલપ્રદેશ | શ્રી કલરાજ મિશ્રા | શ્રી આચાર્ય દેવવ્રત | – |
| 5. | છત્તીસગઢ | શ્રીમતી અનુસુઈયા ઉઈકે | શ્રીમતી આનંદીબેન પટેલ | – |
| 6. | બિહાર | શ્રી ફાગુ ચૌહાણ | શ્રી લાલજી ટંડન | – |
| 7. | પશ્ચિમ બંગાળ | શ્રી જગદીપ ધનખર | શ્રી કેશરીનાથ ત્રિપાઠી | – |
| 8. | આંધ્રપ્રદેશ | શ્રી બિશ્વભૂષણ હરિચંદન | શ્રી ઈ.એસ.એલ. નરસિમ્હન | – |
| 9. | ત્રિપુરા | શ્રી રમેશ બૈસ | શ્રી કપ્તાન સિંઘ સોલંકી | – |
| 10. | નાગાલેન્ડ | શ્રી આર.એન.રવિ | શ્રી પદ્મનાભ આચાર્ય | – |

**નોંધ :**

(1) શ્રીમતી આનંદીબેન પટેલ (આઝાદી બાદ) ઉત્તરપ્રદેશના 21મા રાજ્યપાલ બન્યા છે. આ અગાઉ તેઓ મધ્યપ્રદેશના પણ 21મા જ રાજ્યપાલ હતા.

(2) શ્રીમતી સરોજિની નાયડુ ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ છે. તેઓ 15 ઓગસ્ટ 1947ના રોજ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બન્યા હતા.

(4) શ્રીમતી સરોજિની નાયડુના પુત્રી શ્રીમતી પદ્મજા નાયડુ સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મહિલા રાજ્યપાલ છે. તેમણે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે 10 વર્ષ, 209 દિવસ સેવા આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


શ્રીમતી આનંદીબેન પટેલ


શ્રી લાલજી ટંડન


શ્રી કલરાજ મિશ્રા

## ભારતના અન્ય રાજ્યોમાં રાજ્યપાલશ્રીનું પદ શોભાવનાર પ્રસિદ્ધ ગુજરાતી રાજ્યપાલ

| ક્રમ | નામ | કયા રાજ્યના રાજ્યપાલ | વિશેષતા |
|---|---|---|---|
| 1 | શ્રીમતી આનંદીબેન પટેલ | ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ | મધ્યપ્રદેશના બીજા મહિલા રાજ્યપાલ |
| 2 | શ્રી વજુભાઈ વાળા | કર્ણાટક | વર્તમાન સમયે કાર્યરત |
| 3 | શ્રીમતી કુમુદબહેન જોષી | આંધ્રપ્રદેશ | રાજ્યપાલના પદે બિરાજમાન પ્રથમ ગુજરાતી મહિલા |
| 4 | જામનગરના મહારાજા શ્રી હિંમતસિંહજી | હિમાચલ પ્રદેશ | હિમાચલ પ્રદેશના પ્રથમ લેફ્ટનન્ટ ગવર્નર |
| 5 | સર ચંદુલાલ માધવલાલ ત્રિવેદી (આઝાદી બાદ રાજ્યપાલના પદે બિરાજમાન પ્રથમ ગુજરાતી) | ઓડિશા, પંજાબ અને આંધ્રપ્રદેશ | • ત્રણ રાજ્યોના રાજ્યપાલ તરીકે સેવા આપનાર ગુજરાતી • પંજાબ અને આંધ્રપ્રદેશના પ્રથમ રાજ્યપાલ |
| 6 | ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમાર સિંહજી | મદ્રાસ સ્ટેટના રાજ્યપાલ | મદ્રાસના પ્રથમ ભારતીય ગવર્નર |
| 7 | શ્રી કનૈયાલાલ મુનશી | ઉત્તરપ્રદેશ | રાજ્યપાલ તરીકે સેવા આપનાર પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર |


## ➤ ગુજરાતના 20મા રાજ્યપાલ તરીકે શ્રી આચાર્ય દેવવ્રતના શપથ

ગુજરાતના રાજ્યપાલ **શ્રી ઓમપ્રકાશ કોહલી**ની નિવૃત્તિ બાદ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાતના નવા રાજ્યપાલ તરીકે **શ્રી આચાર્ય દેવવ્રત**ની નિમણૂક કરી છે.

- **શ્રી આચાર્ય દેવવ્રત** ગુજરાતના **20મા** રાજ્યપાલ બનશે.
- શ્રી આચાર્ય દેવવ્રત આ અગાઉ **હિમાચલપ્રદેશ**ના રાજ્યપાલ હતા.
- ગુજરાતના 20મા રાજ્યપાલ તરીકે શ્રી આચાર્ય દેવવ્રતનો શપથવિધિ સમારોહ 22 જુલાઈ, 2019ના રોજ **ગાંધીનગર**ના **'રાજભવન'** ખાતે યોજાશે.
- જેમાં ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ **શ્રી અનંત એસ. દવે** તેમને રાજ્યપાલ પદના શપથ અપાવશે.



## શ્રી આચાર્ય દેવવ્રત



શ્રી આચાર્ય દેવવ્રત આ અગાઉ 12 ઓગસ્ટ 2015થી 15 જુલાઈ 2019 દરમિયાન હિમાચલપ્રદેશના 18મા રાજ્યપાલ હતા.

- ભારતમાં હાલના હરિયાણાના પાણિપત જિલ્લાના સમાલખા નામના નગરમાં 18 જાન્યુઆરી, 1959ના રોજ તેમનો જન્મ થયો હતો.
- તેઓ આર્ય સમાજના પ્રચારક હતા. અને હરિયાણાના કુરુક્ષેત્રમાં આવેલા ગુરૂકુળમાં તેમણે પ્રિન્સિપાલ તરીકે પણ સેવા આપી હતી.
- તેઓ ભ્રુણ હત્યાના વિરોધી છે અને 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન સાથે પણ સંકળાયેલા છે.
- હિમાચલપ્રદેશના રાજ્યપાલ બન્યા તેમણે ડ્રગ અબ્યુસ અને અસહિષ્ણુતા મુદ્દે તાત્કાલિક ધોરણે અધિકારીઓ સાથે બેઠક કરીને યોગ્ય પગલાં લીધા હતા.

## ગુજરાતના રાજ્યપાલની વિશેષતા

(1) ગુજરાતના પ્રથમ રાજ્યપાલ **શ્રી મહેંદી નવાઝ જંગ** હતા.

(2) **શ્રી પી.એન. ભગવતી** ગુજરાતના પ્રથમ કાર્યકારી રાજ્યપાલ હતા.

(3) **શ્રીમતી શારદા મુખર્જી** **ગુજરાત** તથા **આંધ્રપ્રદેશ**ના પ્રથમ મહિલા રાજ્યપાલ હતા.

(4) **શ્રીમન્નારાયણ** ગુજરાતના એવા રાજ્યપાલ હતા કે જેમના સમયમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું.

(5) જેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં સૌથી લાંબો સમય અને બે વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હોય તેવા ગુજરાતના રાજ્યપાલનું નામ **શ્રી કે.કે. વિશ્વનાથન** છે.

(6) ગુજરાતમાં સૌથી ટૂંકા સમય માટે રાષ્ટ્રપતિ શાસન **શ્રી કૃષ્ણપાલ સિંહ**ના કાર્યકાળ દરમિયાન લાદવામાં આવ્યું હતું.

(7) અત્યાર સુધીના ગુજરાતના બે મહિલા રાજ્યપાલોમાં **શ્રીમતી શારદા મુખર્જી** અને **શ્રીમતી કમલા બેનીવાલ**નો સમાવેશ થાય છે. જ્યારે ગુજરાતના રાજ્યપાલ પદનો વધારાનો હવાલો સંભાળનાર એકમાત્ર મહિલા રાજ્યપાલ **શ્રીમતી માર્ગારેટ આલ્વા** છે. તેઓ રાજસ્થાનના રાજ્યપાલ પદની સાથે ગુજરાતનો વધારાનો હવાલો સંભાળતા હતા.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યપાલ વિશે બંધારણીય જોગવાઈ

### રાજ્યપાલની નિમણૂક (Appointment of the Governor)

ભારતીય બંધારણના અનુચ્છેદ 155 અનુસાર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યપાલની નિમણૂક કરવામાં આવે છે.

- જેવી રીતે કેન્દ્રીય શાસન વ્યવસ્થાનું સૌથી મહત્ત્વપૂર્ણ અંગ 'રાષ્ટ્રપતિ' છે. તેવી જ રીતે રાજ્યનું મહત્ત્વપૂર્ણ પદ એટલે 'રાજ્યપાલ'.
- રાજ્યપાલ એ રાજ્ય વિધાનમંડળના સભ્ય નથી પરંતુ રાજ્ય વિધાનમંડળના અભિન્ન અંગ છે.
- મૂળ બંધારણના અનુચ્છેદ 153માં જોગવાઈ કરવામાં આવી છે કે દરેક રાજ્યના એક રાજ્યપાલ રહેશે.
- પરંતુ 7મા બંધારણીય સુધારા અધિનિયમ, 1956 દ્વારા તેમાં ઉમેરવામાં આવ્યું કે કોઈ એક જ વ્યક્તિને બે અથવા વધુ રાજ્યોના રાજ્યપાલ બનાવી શકાય છે.

## રાજ્યપાલનો કાર્યકાળ (Term of Office)

ભારતીય બંધારણના અનુચ્છેદ 156માં રાજ્યપાલ પદના કાર્યકાળ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ બાબતો સૂચવવામાં આવી છે :

(a) રાજ્યપાલ રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાના પદ પર રહી શકે છે.

(b) સામાન્ય રીતે રાજ્યપાલ 5 વર્ષ સુધી પોતાના પદ પર રહી શકે છે અને જો કાર્યકાળ પૂરો થઈ ગયો હોય તો જ્યાં સુધી નવા રાજ્યપાલ કાર્યભાર ન સંભાળે ત્યાં સુધી પોતાના પદ પર રહે છે.

(c) જો રાજ્યપાલ પોતાની ઈચ્છાથી પદ મુક્ત થવા માગતા હોય તો તે પોતાનું લેખિતમાં રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે.

- રાજ્યપાલનું પદ એ રાષ્ટ્રપતિની મરજી અંતર્ગતનું પદ છે. જેનો અર્થ એ થાય કે 5 વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ રાષ્ટ્રપતિ તે રાજ્યપાલને તે જ રાજ્યના કે અન્ય રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. રાષ્ટ્રપતિ ઈચ્છે તો કાર્યકાળ પૂરો થાય તે પહેલા પણ અન્ય રાજ્યમાં બદલી કરી શકે છે.
- અહીં એ ખાસ યાદ રાખવું કે રાષ્ટ્રપતિની મરજીનો વાસ્તવિક અર્થ મંત્રીપરિષદની મરજી સુધી થાય કારણ કે રાજ્યપાલને પદ પરથી દૂર કરવાની સત્તાનો ઉપયોગ રાષ્ટ્રપતિ માત્ર મંત્રીપરિષદની સલાહથી જ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યપાલ બનવા માટેની લાયકાત

- ભારતીય બંધારણના અનુચ્છેદ 157 અનુસાર જો કોઈ વ્યક્તિ નીચે મુજબની લાયકાત ધરાવતા હોય તો તે રાજ્યપાલ પદ પર બિરાજમાન થઈ શકે છે:

(a) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(b) તેમની ઉંમર 35 વર્ષથી વધુ હોવી જોઈએ.

(c) તેઓ સંસદ કે રાજ્ય વિધાનમંડળના કોઈપણ ગૃહના સભ્ય હોવા જોઈએ નહીં.

(d) તેઓ કેન્દ્ર કે રાજ્ય સરકાર અંતર્ગતની સેવાઓમાં લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.

## રાજ્યપાલના વેતન અને ભથ્થા

ભારતીય બંધારણના અનુચ્છેદ 158માં રાજ્યપાલને મળવા પાત્ર વેતન અને અન્ય લાભો વિશેની જોગવાઈઓ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

- રાજ્યપાલના વેતન, ભથ્થા અને વિશેષાધિકાર દેશની સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે પ્રમાણે મળશે. હાલમાં રાજ્યપાલનું વેતન **3 લાખ 50 હજાર** રૂપિયા પ્રતિમાસ છે.
- જો કોઈ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવે તો તેમને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવતાં વેતન અને ભથ્થા મળશે.
- રાજ્યપાલને જે સરકારી આવાસ આપવામાં આવે છે. તે **'રાજભવન'** તરીકે ઓળખાય છે.

## રાજ્યપાલના વિશેષાધિકારો

- પોતાના પદ પર કાર્યરત હોય તે દરમિયાન રાજ્યપાલ દ્વારા લેવામાં આવતા નિર્ણયો કે સત્તાના ઉપયોગ બદલ તે કોઈપણ ન્યાયાલયને જવાબદાર નથી. અર્થાત્ તે બાબતે કોઈ ન્યાયિક પ્રક્રિયા થઈ શકે નહીં.
- જ્યારે રાજ્યપાલ પોતાના પદ પર કાર્યરત હોય ત્યારે તેમની ધરપકડ કે જેલ અંગેનો આદેશ આપવાની સત્તા કોઈ ન્યાયાલયને નથી.
- રાજ્યપાલને હોદ્દા પર હોય ત્યારે કાનૂની કાર્યવાહીથી છૂટ આપવામાં આવી છે. તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી શરૂ કરી શકાતી નથી કે પહેલાથી ચાલુ કાર્યવાહીને ચાલુ રાખી શકાશે નહીં.
- અનુચ્છેદ–361(4)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલના વ્યક્તિગત કાર્યો વિરુદ્ધ ન્યાયાલયમાં દીવાની કાર્યવાહી કરી શકાય છે. પરંતુ તે માટે નીચે પ્રમાણેની ત્રણ અગત્યની બાબતો ધ્યાને લેવામાં આવે છે:
  (a) તે અંગેની લેખિત સૂચના રાજ્યપાલને આપવી જરૂરી છે.
  (b) આ સૂચના આપ્યા બાદ ઓછામાં ઓછા બે મહિનાનો સમય આપવો આવશ્યક છે.
  (c) સૂચનામાં સૂચના આપનાર વ્યક્તિનું નામ, સરનામું, કાર્યવાહી અને માંગવામાં આવેલ ન્યાય અંગેનું વિવરણ હોવું જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજ્યપાલ વિશે મહત્ત્વના અનુચ્છેદ

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | અનુચ્છેદ 153 | રાજ્યોના રાજ્યપાલ |
| 2 | અનુચ્છેદ 154 | રાજ્યપાલની કારોબારી સત્તા |
| 3 | અનુચ્છેદ 155 | રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે |
| 4 | અનુચ્છેદ 156 | રાજ્યપાલનો કાર્યકાળ |
| 5 | અનુચ્છેદ 157 | રાજ્યપાલ બનવાની લાયકાત |
| 6 | અનુચ્છેદ 158 | રાજ્યપાલ પદની અન્ય શરતો |
| 7 | અનુચ્છેદ 159 | રાજ્યપાલના શપથ |
| 8 | અનુચ્છેદ 160 | કેટલાક આકસ્મિક સંજોગોમાં રાજ્યપાલના કાર્યોનું વિતરણ |
| 9 | અનુચ્છેદ 161 | રાજ્યપાલની સજા ક્ષમાદાન શક્તિ |
| 10 | અનુચ્છેદ 162 | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

## ICE Questions

1. 'ઈન્ટરનેશનલ ચેસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 જુલાઈ (B) 19 જુલાઈ (C) 20 જુલાઈ (D) 21 જુલાઈ **(C)**

2. તાજેતરમાં 2 થી 20 જુલાઈ 2019 દરમિયાન સુશ્રી હિમા દાસે કયા દેશમાં કુલ પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા ?
(A) ફ્રાન્સ અને પોલેન્ડ (B) ફ્રાન્સ અને ચેક રિપબ્લિક
(C) રશિયા અને ચેક રિપબ્લિક (D) પોલેન્ડ અને ચેક રિપબ્લિક **(D)**

3. તાજેતરમાં 2 થી 20 જુલાઈ 2019 દરિયાન સુશ્રી હિમા દાસે કઈ ઈવેન્ટમાં કુલ 5 ગોલ્ડ મેડલ જીત્યા છે ?
(A) 200 મીટર દોડમાં 1 + 400 મીટર દોડમાં 4
(B) 200 મીટર દોડમાં 2 + 400 મીટર દોડમાં 3
(C) 200 મીટર દોડમાં 3 + 400 મીટર દોડમાં 2
(D) 200 મીટર દોડમાં 4 + 400 મીટર દોડમાં 1 **(D)**

4. 20 જુલાઈ 2019ના રોજ કયાં યોજાયેલી 'નોવે મેસ્ટો નેડ મેતુજી ગ્રાન્ડ પ્રીક્ષ'માં સુશ્રી હિમા દાસે 400 મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(A) પોલેન્ડ (B) ચેક રિપબ્લિક (C) ફ્રાન્સ (D) નોર્વે **(B)**

5. સુશ્રી હિમા દાસના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમનો જન્મ આસામના નાગાંવ જિલ્લાના ધિંગ નામના ગામમાં થયો હતો.
2. તેઓ 'ધિંગ એક્સપ્રેસ' તરીકે પ્રસિદ્ધ છે.
3. IAAF World U20 Championshipમાં ગોલ્ડ મેડલ જીતનાર તેઓ ભારતના પ્રથમ એથ્લેટ છે.
4. વર્ષ 2018માં જકાર્તા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સમાં 2 ગોલ્ડ અને 1 સિલ્વર મેડલ જીત્યો હતો.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3, 4 **(A)**

6. સુશ્રી હિમા દાસના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમને વર્ષ 2018માં અર્જુન એવોર્ડ એનાયત થયો હતો.
2. તેમને વર્ષ 2019માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો.
3. 400 મીટર દોડનો 50.79 સેકન્ડનો ઈન્ડિયન રેકોર્ડ તેમના નામે જ છે.
4. યુનિસેફના યુથ એમ્બેસેડર તરીકે નિમણૂક પામનાર તેઓ ભારતના પ્રથમ વ્યક્તિ છે.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 4 **(C)**

7. તાજેતરમાં નવા નિમણૂક પામેલ રાજ્યપાલ અને તેમના રાજ્યની નીચેની જોડીમાંથી કઈ જોડ સાચી નથી ?
(A) નાગાલેન્ડ : શ્રી આર.એન. રવિ (B) ત્રિપુરા : શ્રી રમેશ બૈસ
(C) આંધ્રપ્રદેશ : શ્રી લાલજી ટંડન (D) છત્તીસગઢ : શ્રીમતી અનુસુઈયા ઉઈકે **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. તાજેતરમાં નવા નિમણૂક પામેલા રાજ્યપાલ અને તેમના રાજ્યના સંદર્ભમાં યોગ્ય જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | પશ્ચિમ બંગાળ | 1. | શ્રી કલરાજ મિશ્રા |
| b. | બિહાર | 2. | શ્રી લાલજી ટંડન |
| c. | હિમાચલપ્રદેશ | 3. | શ્રી જગદીપ ધનખર |
| d. | મધ્યપ્રદેશ | 4. | શ્રી બિશ્વભૂષણ હરિચંદન |
| e. | આંધ્રપ્રદેશ | 5. | શ્રી ફાગુ ચૌહાણ |

(A) a - 3, b - 5, c - 1, d - 2, e - 4 (B) a - 5, b - 3, c - 1, d - 2, e - 4
(C) a - 3, b - 5, c - 2, d - 1, e - 4 (D) a - 2, b - 5, c - 1, d - 3, e - 4 **(A)**

9. મધ્યપ્રદેશના બીજા મહિલા રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલની તાજેતરમાં કયા રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) ઓડિશા (B) ઉત્તરાખંડ (C) ઉત્તરપ્રદેશ (D) ગોવા **(C)**

10. 15 ઓગસ્ટ, 1947 બાદથી ઉત્તરપ્રદેશના કેટલામા રાજ્યપાલ તરીકે શ્રીમતી આનંદીબેન પટેલની તાજેતરમાં નિમણૂક કરવામાં આવી છે ?
(A) 20મા (B) 21મા (C) 22મા (D) 23મા **(B)**

11. ગુજરાતના રાજ્યપાલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી આચાર્ય દેવવ્રત (B) શ્રી કલરાજ મિશ્રા
(C) શ્રી ઓ.પી. કોહલી (D) શ્રી ફાગુ ચૌહાણ **(A)**

12. શ્રી આચાર્ય દેવવ્રત ગુજરાતના કેટલામા રાજ્યપાલ બન્યા છે ?
(A) 19મા (B) 20મા (C) 21મા (D) 22મા **(B)**

13. ગુજરાતના રાજ્યપાલ તરીકે નિમણૂક અગાઉ શ્રી આચાર્ય દેવવ્રત કયા રાજ્યના રાજ્યપાલ હતા ?
(A) હરિયાણા (B) હિમાચલપ્રદેશ (C) મેઘાલય (D) અરૂણાચલપ્રદેશ **(B)**

14. ગુજરાતના નવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતનો જન્મ કયા રાજ્યના સમાલખા નામના નગરમાં થયો હતો ?
(A) હિમાચલપ્રદેશ (B) હરિયાણા (C) ઝારખંડ (D) ઉત્તરાખંડ **(B)**

15. 22 જુલાઈ 2019ના રોજ શ્રી આચાર્ય દેવવ્રતને ગુજરાતના 20મા રાજ્યપાલ તરીકે કોણે શપથ અપાવ્યા છે?
(A) શ્રી અનંત એસ. દવે (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી ઓ.પી. કોહલી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ ઓપરેશન થાંગજિંગ

જુલાઈ 2019 દરમિયાન ભારતમાં મણિપુરના ચૂંડાચંદપુર જિલ્લાના કાપરાંગ નામના ગામમાંથી ડંપી ગામના મુખી શ્રી લુનખોલાલ લ્હુંગડિમનું અપહરણ થઈ ગયું હતું. આથી તેમને બચાવવા માટે આસામ રાઈફલ્સે સ્થાનિક પોલીસ સાથે મળીને હાથ ધરેલા અભિયાનને 'ઓપરેશન થાંગજિંગ' નામ આપવામાં આવ્યું હતું. આ સફળ ઓપરેશનમાં સંભવતઃ કુકી વિદ્રોહિયો પાસેથી સુરક્ષા દળોને હથિયારનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ ICC Cricket Hall Of fameમાં શામેલ થનાર શ્રી સચિન તેંડુલકર છઠ્ઠા ભારતીય ક્રિકેટર બન્યા

તાજેતરમાં ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરનો 'ICC Cricket Hall Of fame'માં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે જ શ્રી સચિન તેંડુલકર શ્રી બિશન સિંહ બેદી, શ્રી સુનિલ ગાવસ્કર, શ્રી કપિલ દેવ, શ્રી અનિલ કુંબલે અને શ્રી રાહુલ દ્રવિડ બાદ 'ICC ક્રિકેટ હોલ ઓફ ફેમ'માં શામેલ થનાર ભારતના છઠ્ઠા ક્રિકેટર બની ગયા છે. 'ICC ક્રિકેટ હોલ ઓફ ફેમ' એ ICC દ્વારા દિગ્ગજ ક્રિકેટરોને અપાતું વિશિષ્ટ સન્માન છે.

### ➤ L&T AIIB પાસેથી ગ્રીન એનર્જી ફંડ પ્રાપ્ત કરનારી ભારતની પ્રથમ NBFC કંપની બની

તાજેતરમાં AIIB (Asian Infrastructure Investment Bank) દ્વારા ભારતની L & T Infrastructure Finance Company Limitedને 100 મિલિયન ડોલરની ગ્રીન એનર્જી લોન આપવામાં આવી છે. આ સાથે જ L & T ઈન્ફ્રા સ્ટ્રક્ચર ફાયનાન્સ કંપની લિમિટેડ AIIB પાસેથી ગ્રીન એનર્જી માટે 100 મિલિયન ડોલરની લોન મેળવનાર ભારતની પ્રથમ Non - Banking Finance Company (NBFC) બની ગઈ છે.

### ➤ શ્રી વિવેક કુમારની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અંગત સચિવ તરીકે નિમણૂક

ભારતીય વિદેશ વિભાગના અધિકારી શ્રી વિવેક કુમારની ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અંગત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. શ્રી વિવેક કુમાર હાલમાં PMOમાં જ કાર્યરત હતા.

## ➤ મેઘાલય જળ નીતિને મંજૂરી આપનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

તાજેતરમાં **મેઘાલય** સરકારના મંત્રીમંડળ દ્વારા મેઘાલયમાં વધતી જતી પાણીની સમસ્યાના ઉકેલ માટે **જળ નીતિના મુસદ્દા**ને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ મેઘાલય જળ નીતિને મંજૂરી આપનારું ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

# વિશ્વ

## ➤ વિશ્વની મોટી ઈન્ટરનેટ કંપનીઓ પાસેથી ટેક્સ વસૂલનાર વિશ્વનો પ્રથમ મોટો દેશ : ફ્રાન્સ

**ફ્રાન્સ**ની સંસદ દ્વારા તાજેતરમાં **GAFA** નામના ટેક્સને મંજૂરી આપવામાં આવી છે. જેમાં GAFAનું પૂરું નામ **Google, Apple, Facebook and Amazon** છે. આ અંતર્ગત વિશ્વની આ મોટી ઈન્ટરનેટ કંપનીઓ પાસેથી **3 ટકા ટેક્સ** વસૂલવામાં આવશે. આ સાથે જ **ફ્રાન્સ** વિશ્વની ઈન્ટરનેટ કંપનીઓ પાસેથી ટેક્સ વસૂલનાર વિશ્વનો **પ્રથમ મોટો દેશ** બનશે.

## ICE Questions

- જુલાઈ 2019 દરમિયાન ભારતમાં મણિપુરના ડંપી ગામના મુખી શ્રી લુનખોલાલ લ્હુંગડિમને છોડાવવા માટે આસામ રાઈફલ્સે કયું ઓપરેશન હાથ ધર્યું હતું ? – ઓપરેશન થાંગજિંગ
- 'ICC ક્રિકેટ હોલ ઓફ ફેમ'માં તાજેતરમાં ભારતના કયા ક્રિકેટરનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – શ્રી સચિન તેંડુલકર
- શ્રી સચિન તેંડુલકર 'ICC ક્રિકેટ હોલ ઓફ ફેમ'માં શામેલ થનાર ભારતના કેટલામા ક્રિકેટર બન્યા છે ? – છઠ્ઠા
- 'ICC ક્રિકેટ હોલ ઓફ ફેમ'માં શામેલ થનાર ભારતના પ્રથમ ક્રિકેટરનું નામ શું છે ? – શ્રી બિશન સિંહ બેદી
- એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB) દ્વારા તાજેતરમાં L & T ઈન્ફ્રાસ્ટ્રકચરને કેટલા ડોલરની ગ્રીન એનર્જી લોન આપવામાં આવી છે ? – 100 મિલિયન ડોલર
- એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB) પાસેથી 100 મિલિયન ડોલરનું ગ્રીન એનર્જી ફંડ પ્રાપ્ત કરનાર ભારતની પ્રથમ નોન બેન્કિંગ ફાયનાન્સ કંપની (NBFC)નું નામ શું છે ? – L & T ઈન્ફ્રાસ્ટ્રકચર ફાઈનાન્સ કંપની લિમિટેડ
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અંગત સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી વિવેક કુમાર
- તાજેતરમાં જળ નીતિને મંજૂરી આપનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – મેઘાલય
- વિશ્વની મોટી ઈન્ટરનેટ કંપનીઓ પાસેથી ટેક્સ વસૂલવાનો નિર્ણય કરનાર વિશ્વના પ્રથમ મોટા દેશનું નામ શું છે ? – ફ્રાન્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં વિવિધ 71 જાતના 3446 ઔષધિય રોપાઓ સાથેનું પ્રાકૃતિક સૌંદર્યથી છલકાતા આરોગ્ય વન રાબડાળનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે ? – દાહોદ
2. તાજેતરમાં 16 જુલાઈ 2019ના રોજ બ્રિટનના કયા શહેરમાં યોજાયેલા 'ભારત દિવસ સંમેલન'માં કેન્દ્રીય વેપાર અને ઉદ્યોગ તથા રેલવે મંત્રી શ્રી પીયૂષ ગોયલ ઉપસ્થિત રહ્યા હતા ? – લંડન
3. તાજેતરમાં કયા દેશની સરકારે 10 વર્ષે માઈનસ 0.26 ટકા વળતર આપતા બોન્ડ ઈશ્યૂ કર્યા છે ? – જર્મની
4. તાજેતરમાં ગુજરાતમાં જૂનાગઢ સક્કરબાગ ઝૂના કયા સિંહ–સિંહણની જોડીને આસામના ગુવાહાટી ઝૂમાં મોકલવા માટે ઓખાથી ટ્રેનમાં રવાના કરવામાં આવી છે ? – ધીરેન અને રાણી નામના સિંહ–સિંહણની જોડીને
5. તાજેતરમાં ગુજરાતમાં જૂનાગઢ સક્કરબાગ ઝૂના ધીરેન અને રાણી નામની સિંહ–સિંહણની જોડીને કઈ જગ્યાએ મોકલવા માટે ઓખાથી ટ્રેનમાં રવાના કરવામાં આવી છે ? – આસામના ગુવાહાટી ઝૂમાં
6. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 17 થી 19 જુલાઈ 2019 દરમિયાન ભારતના કયા રાજ્યમાં ડેંગ્યુ, ચિકનગુનિયા તથા મેલેરિયા જેવા રોગો માટે 'જન જાગરુકતા અભિયાન' ચલાવવામાં આવ્યું હતું ? – દિલ્હી
7. જુલાઈ 2019 દરમિયાન એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા ભારતના વર્ષ 2019-20ના વિકાસ દરના અગાઉના 7.2 ટકાના અંદાજમાં ઘટાડો કરીને નવો કયો અંદાજ રજૂ કરવામાં આવ્યો છે ? – 7.00 ટકા
8. જુલાઈ 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા એશિયન ડેવલપમેન્ટ બેન્કના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતીય અર્થતંત્રનો વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાનો અંદાજ છે ? – 7.00 ટકા
9. તાજેતરમાં વિશ્વના કયા દેશમાં ઈબોલા વાયરસને કારણે ફેલાયેલા રોગચાળામાં 1600થી વધુ લોકોના મોત થયા છે? – કોંગો (અથવા ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો)
10. તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા કયા દેશમાં ઈબોલા વાયરસને કારણે ફેલાયેલા રોગચાળાને વૈશ્વિક આરોગ્ય કટોકટી (Global Health Emergency) જાહેર કરવામાં આવી છે ? – કોંગો
11. 'હેપ્પીનેસ પાઠ્યક્રમ' શરૂ કરવાના 1 વર્ષ પૂરા થવાના પ્રસંગે તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'હેપ્પીનેસ ઉત્સવ' લોન્ચ કરવામાં આવ્યો છે ? – દિલ્હી
12. તાજેતરમાં ગુજરાતના કયા સંગીતકારને લોક સંગીતના ક્ષેત્રમાં વર્ષ 2018ના 'સંગીત નાટક અકાદમી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી નિરંજન રાજ્યગુરૂ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. તાજેતરમાં ભારતના કયા ચાર પ્રસિદ્ધ વ્યક્તિઓને વર્ષ 2018ના 'સંગીત નાટક અકાદમી ફેલોશિપ' અથવા તો 'અકાદમી રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
– (1) શ્રી ઝાકિર હુસેન (પ્રસિદ્ધ તબલા વાદક)
(2) શ્રીમતી સોનલ માનસિંહ (પ્રસિદ્ધ નૃત્યાંગના)
(3) શ્રી જતિન ગોસ્વામી (પ્રસિદ્ધ કોરિયોગ્રાફર)
(4) શ્રી કે. કલ્યાણસુન્દરમ્ પિલ્લઈ (ભરતનાટયમ્)

14. તાજેતરમાં ભારતના કુલ કેટલા મહાનુભાવોને વર્ષ 2018ના 'સંગીત નાટક અકાદમી ફેલોશિપ' (અકાદમી રત્ન) તથા 'સંગીત નાટક અકાદમી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા ? – 4 + 40 = 44

15. ભારતમાં 'સંગીત નાટક અકાદમી ફેલોશિપ' અથવા 'અકાદમી રત્ન' પુરસ્કાર વિજેતાને કેટલી ધનરાશિ આપવામાં આવે છે ? – રૂ. 3 લાખ

16. ભારતમાં 'સંગીત નાટક અકાદમી પુરસ્કાર' વિજેતાને કેટલી ધનરાશિ આપવામાં આવે છે ? – રૂ. 1 લાખ

17. ભારતમાં 'સંગીત નાટક અકાદમી પુરસ્કાર'નો પ્રારંભ ક્યારથી થયો હતો ? – 1952

18. પાણીમાંથી આર્સેનિકનું પ્રદૂષણ દૂર કરવા માટે તાજેતરમાં ભારતની કઈ યુનિવર્સિટીના સંશોધકોએ ખૂબ જ ઓછી કિંમતનું 'Arsiron Nilogan' નામનું એક સરળ ફિલ્ટર બનાવ્યું છે ? – તેજપુર યુનિવર્સિટી (આસામ)

19. 25 સપ્ટેમ્બર, 2018ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત ન રહી શકનાર કયા ખેલાડીઓને જુલાઈ 2019 દરમિયાન કેન્દ્રીય રમત ગમત અને યુવા મંત્રી શ્રી કિરણ રિજીજુ દ્વારા અર્જુન એવોર્ડ 2018થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી રોહન બોપન્ના (ટેનિસ) અને સુશ્રી સ્મૃતિ માંધાના (ક્રિકેટ)

20. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા શહીદ સૈનિકોના પરિવાર જનોને અપાતી આર્થિક સહાય રૂ. 25 લાખથી વધારીને રૂ. 1 કરોડ કરવામાં આવી છે ? – મહારાષ્ટ્ર

21. જુલાઈ, 2019 દરમિયાન કયો દેશ 'International Solar Alliance'નો 76મો સભ્ય બન્યો છે ? – પલાઉ

22. જુલાઈ, 2019 દરમિયાન કેરળના 'Resilient Kerala Programme' માટે વર્લ્ડ બેન્કે કેટલી સહાય મંજૂર કરી છે ? – 250 મિલિયન ડોલર

23. કુદરતી આફત તથા આબોહવા પરિવર્તનના પ્રભાવને ઓછો કરવા માટે World Bank પાસેથી ફંડ મેળવનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – કેરળ

24. જુલાઈ, 2019 દરમિયાન કયા દેશે ભારતના વિમાનો માટે પોતાની એયરસ્પેસ ખોલી દીધી છે ? – પાકિસ્તાન

25. ગુપ્તતા અને ડેટા સુરક્ષામાં ચૂકને કારણે અમેરિકાના Federal Trade Commission (FTC) દ્વારા તાજેતરમાં Facebookને કેટલો દંડ ફટકારવામાં આવ્યો છે ? – 5 બિલિયન ડોલર (અથવા 5 અબજ ડોલર)

26. 'સિંગાપોર ઈન્ટરનેશનલ કોમર્શિયલ કોર્ટ'ના ન્યાયાધીશ તરીકે તાજેતરમાં ભારતની સુપ્રીમ કોર્ટના કયા પૂર્વ ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવી છે ? – જસ્ટિસ એ.કે. સિકરી

27. જુલાઈ, 2019 દરમિયાન કયા દેશ દ્વારા જર્મનીની મદદથી વિકસાવેલું Spektr-RG નામનું ટેલિસ્કોપ લોન્ચ કરવામાં આવ્યું હતું ? – રશિયા

28. જુલાઈ, 2019 દરમિયાન રશિયા દ્વારા 'Proton-M' રોકેટની મદદથી કયું ટેલિસ્કોપ લોન્ચ કરવામાં આવ્યું છે ? – Spektr-RG

29. તાજેતરમાં કયા દેશના વૈજ્ઞાનિકોએ એવી શોધ કરી છે કે ઈલેક્ટ્રોનિક સિગારેટથી મગજના સ્ટેમ સેલને નુકશાન થાય છે ? – અમેરિકા

30. તાજેતરમાં ભારતના કયા શહેરમાં આવેલી શ્રીમતી ઈન્દિરા ગાંધી કૃષિ યુનિવર્સિટીમાં 'એગ્રીબિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર'ની સ્થાપના કરવામાં આવી છે ? – રાયપુર (છત્તીસગઢ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

31. 28 જુલાઈ 2019ના રોજ ભારતમાં કઈ જગ્યાએ હિમાલયી રાજ્યોના પ્રથમ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે ?
– મસૂરી (ઉત્તરાખંડ)

32. ફિલ્મ ડિવિઝન ઓફ ઈન્ડિયા દ્વારા જુલાઈ 2019 દરમિયાન મુંબઈ ખાતે લોન્ચ કરવામાં આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ ક્લબને શું નામ આપવામાં આવ્યું છે ? – ક્ષિતિજ

33. કેનેડા અને બ્રિટન દ્વારા સંયુક્ત રીતે મીડિયાની સ્વતંત્રતા માટે જુલાઈ 2019 દરમિયાન કઈ જગ્યાએ વૈશ્વિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ? – લંડન

34. યૂરોપીય સંસદના નવા અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી ડેવિડ મારિયા સાસોલી (ઈટલી)

35. ભારત સરકારના વિદેશ મંત્રાલયમાં પ્રવાસી ભારતીય બાબતોના સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી વિકાસ સ્વરૂપ

36. ગુજરાતના ઉદ્યોગગૃહો નેચરલ ગેસનો વધુ ઉપયોગ કરે તે માટે ગુજરાતમાં નેચરલ ગેસનો ઉપયોગ કરતા ઉદ્યોગગૃહોને પ્રતિ SCMD કેટલા રૂપિયાની રાહત આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ? – રૂ. 2.50

37. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)માં એક્ઝિક્યુટીવ ડિરેક્ટરના સિનિયર એડવાઈઝર તરીકે તાજેતરમાં ગુજરાતના કયા IAS ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે ? – ડો. ટી. નટરાજન

38. ઈન્ટરનેશનલ એથ્લેટિક્સ ફેડરેશન દ્વારા સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતના કયા ખેલાડીને વેટરન પીન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે ? – સુશ્રી પી.ટી. ઉષા

39. ઈન્ડિયન પોસ્ટ વિભાગ દ્વારા ગુજરાતની પ્રથમ અને ભારતની પાંચમી ફોરેન પોસ્ટ ઓફિસ તાજેતરમાં ગુજરાતમાં કયાં શરૂ કરવામાં આવી છે ? – અમદાવાદ

40. નાણાકીય વર્ષ 2019-20ના બીજા ક્વાર્ટર (ત્રિમાસિક ગાળા) દરમિયાન ચીનનો GDP વૃદ્ધિ દર ઘટીને (છેલ્લા 27 વર્ષમાં સૌથી ઓછો) કેટલા ટકા રહ્યો છે ? – 6.2 ટકા

41. તાજેતરમાં ભારતના કયા રાજ્યની હાઈકોર્ટે હવેથી હાઈકોર્ટમાં જજને 'માય લોર્ડ' કે 'યોર લોર્ડશિપ' જેવું સંબોધન ન કરવાનો નિર્ણય કર્યો છે ? – રાજસ્થાન

42. ICC દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી ICC World 11 Cricket World Cup 2019 Teamમાં ભારતના કયા બે ક્રિકેટરોનો સમાવેશ થયો છે ? – શ્રી રોહિત શર્મા અને શ્રી જસપ્રીત બુમરાહ

43. ICC દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી ICC World 11 Cricket World Cup 2019 ટીમના કેપ્ટન તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી કેન વિલિયમ્સન (ન્યુઝીલેન્ડ)

44. ભારતના નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને રાજ્યસભામાં આપેલી માહિતી અનુસાર વર્ષ 2018-19 દરમિયાન ભારતમાં કોમર્શિયલ બેન્કોની NPA (નોન–પર્ફોર્મિંગ એસેટ્સ)માં કેટલો ઘટાડો થયો છે ?
– રૂ. 1.02 લાખ કરોડનો

45. ફિફા વર્લ્ડ કપ, વિમ્બલ્ડન, ફ્રેન્ચ ઓપન અને ક્રિકેટ વર્લ્ડ કપમાંથી સૌથી વધુ ઈનામની રકમ કઈ ઈવેન્ટમાં આપવામાં આવે છે ? – ફિફા વર્લ્ડ કપ

46. ભારતમાં નવી દિલ્હીમાં પ્રગતિ મેદાન પાસે સુપ્રીમ કોર્ટની નવી બિલ્ડિંગનું તાજેતરમાં કોણે ઉદ્‌ઘાટન કર્યું છે ?
– શ્રી રામનાથ કોવિંદ

47. કેન્દ્રીય પશુપાલન મંત્રી શ્રી ગિરીરાજસિંહે તાજેતરમાં આપેલી માહિતી અનુસાર ભારતમાં દેશી (ઓર્ગેનિક) ઈંડા પકવવાના પ્રોજેક્ટની શરૂઆત ભારતના કયા રાજ્યથી થશે ? – ગુજરાત

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.